**સુવિચાર**

''દરજી અને સુથાર પાસેથી એ શીખવા જેવું છે કે, માપવું બે વાર, કાપવું એકવાર.''

:: સૌજન્ય ::

નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૧૯/૦૬/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિદ્ધ કર્યુ. : વિક્રમ સવંત ૨૦૮૨ જેઠ સુદ-૫ વર્ષ : ૧૭ અંક : ૧૫૯

## TET પરીક્ષાનાં ચુકાદાથી શિક્ષકોમાં ચિંતાનો માહોલ ઉભો થયો

# અમરેલીમાં શિક્ષકો દ્વારા ધરણા અને આવેદનપત્ર પાઠવાયુ

**અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘનાં નેતૃત્વમાં મોટી સંખ્યામાં શિક્ષકો એકત્ર થયા**

**સર્વોચ્ચ અદાલતનાં ચુકાદાનાં પરિપેક્ષમાં સંસદમાં અધ્યાદેશ લાવવા માંગ કરવામાં આવી**

**મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલમાં પ્રથમ ધરણા કરવામાં આવ્યા**

**બાદમાં શિક્ષકોએ રેલી સ્વરૂપે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યુ**




અમરેલી, તા. ૧૮

અમરેલીમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ દ્વારા આજે 'TET મુકિત ધરણા અને આવેદનપત્રનો કાર્યક્રમ' યોજાયો. તમામ સંવર્ગના બહોળી સંખ્યામાં શિક્ષક ભાઈ/બહેનો જોડાયા હતા.

અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ–અમરેલી જિલ્લા દ્વારા TET મુકિત માટેની ન્યાયી માંગણી માટે એક મક્કમ લડતના મંડાણ કરવામાં આવ્યા છે. સુપ્રીમ કોર્ટના ફરજિયાત TET પરીક્ષાના ચુકાદાથી ઉભી થયેલી પરિસ્થિતિઓ છે, ભારતીય કાનૂની તથા વહીવટી વ્યવસ્થાનો સ્થાપિત સિદ્ધાંત છે કે કોઈપણ નિયમ અથવા નીતિ સામાન્ય રીતે તેની અમલની તારીખથી જ અસરકારક બનતી હોય છે. અગાઉ થયેલ નિમણૂંકો અને પ્રાપ્ત થયેલ અધિકારો પર પછીથી નક્કી કરવામાં આવેલ પાત્રતાના ધોરણો લાગુ કરવાનો કુદરતી ન્યાયની વિઢદ્ધ હોય એવુ અમારૂં માનવું છે. તો NCTE દ્વારા જાહેર કરાયેલ TET સબંધિત અધિસુચના તથા સર્વોચ્ચ ન્યાયાલયના ચુકાદાના પરિપેક્ષમા સંસદમાં અધ્યાદેશ લાવી કાયદો બનાવી TETમાંથી મુકિત આપવામાં આવે તેવી માંગણી છે. TET મુકિત ધરણા અને આવેદનપત્રના કાર્યક્રમમાં મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલના હોલમાં અમરેલી જિલ્લામાંથી બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત પ્રાંત મંત્રી ભાભલુભાઈ વરૂ, સરકારી સંવર્ગ પ્રાંત ઉપાધ્યક્ષ બાબભાઈ વાઘ,

**અનુસંધાન પાના ૬ ઉપર**

## કોઈ અગમ્ય કારણોસર પગલુ ભર્યુ

# અમરેલીનાં ગિરીરાજનગરમાં રહેતાં યુવકે ઝેરી દવા પી આત્મહત્યા કરી લીધી

**સારવાર દરમિયાન અંતિમ શ્વાસ લીધા**

અમરેલી, તા. ૧૮

અમરેલીના ચિતલ રોડ ઉપર ફરસાણની દુકાન ધરાવતા અને ચિતલ રોડ ઉપર આવેલ ગીરીરાજ નગર શેરી નંબર–૨ માં આવેલ બ્લોક નં. ૩૦માં રહેતા અભિષેકભાઈ મનોજભાઈ પંડયા નામના ૨૬ વર્ષીય યુવકે ગત તા. ૧૭ના સાંજે ૪:૪૦ વાગ્યે પોતાના રહેણાંક મકાને કોઈ અગમ્ય કારણોસર ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા પી લેતા તેમનું સારવાર દરમ્યાન મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## ચિરાગ અરવિંદભાઈ આકોલીયા નામનાં

# અમરેલીનાં જેશીંગપરાનાં યુવકનું બાઈક સ્લીપ થતાં કમકમાટીભર્યુ મોત

**માથાના ભાગે ગંભીર ઈજા થવાથી મોત નિપજયુ**

અમરેલી, તા. ૧૮

અમરેલીના જેસીંગપરા શેરી નંબર–૪માં રહેતા ચિરાગ અરવિંદભાઈ આકોલીયા ગત તા. ૧૬ના રાત્રે ૯:૩૦ કલાકે અમરેલીના જેશીંગપરા–રંગપુર રોડ, નીલકંઠ ફાર્મની પાસે આવેલ કોઝવે પાસેથી પોતાના હવાલાવાળુ મોટર સાયકલ નં. જી.જે.–૧૪ બી.એફ.–૩૨૪૭નું લઈ પોતાની વાડીએથી પોતાના ઘરે આવતા હોય. તે દરમ્યાન પોતાના હવાલાનું મોટર સાયકલ ઉપર સંતુલન ગુમાવતા મોટર સાયકલ સ્લીપ થઈ જતા તેમને માથાના ભાગે ગંભીર ઈજા થતા તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## સોશ્યલ મીડિયા મારફતે સંપર્ક કરીને કારસ્તાન કર્યુ

# સાવરકુંડલાની વૃધ્ધાને વિશ્વાસમાં લઈને કચ્છનાં ઈસમે વાંધાજનક સ્કીન શોર્ટ ફોટા પાડી રૂા. ૩.૬૦ લાખ પડાવી લીધાની ફરિયાદ

**સ્થાનિક પોલીસે આરોપીની અટકાયત કરી ધોરણસરની કાર્યવાહી કરી**



અમરેલી, તા. ૧૮

સોશ્યયલ મીડિયા મારફતે સાવરકુંડલા પંથકમાં રહેતી એક વૃદ્ધ મહિલાના સંપર્કમાં આરોપીએ આવી વિડીયો કોલમાં વાત કરી વૃધ્ધ મહિલાને વિસમાં લઈ વોટસએપમા વાંધાજનક સ્ક્રીન શોર્ટના ફોટા પાડી વાયરલ કરવાની ધમકી આપી વિસઘાત કરી વૃધ્ધ મહિલા પાસેથી બળજબરી પુર્વક ઓનલાઈન માધ્યમથી ગુગલ પે મારફતે કુલ રૂા. ૩,૬૦,૦૦૦ પડાવી લેનાર આરોપીને કચ્છ જીલ્લાના ખાવડા મુકામેથી ટેકનીકલ સોર્સીસ તથા હ્યુમન સોર્સ આધારે પકડી પાડી સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા આરોપી વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરી રિમાન્ડની કાર્યવાહી હાથ ધરેલ છે.

સાવરકુંડલા ગામે હાથસણી રોડ ઉપર રહેતા એક ૬૫ વર્ષીય વૃધ્ધા સને–૨૦૨૫ ના અગિયારમાં મહિનામાં ભુજ ગામે આવેલ સરપત નાકા બહાર, શાંતીનગર, કચ્છમાં રહેતા આરોપી મહમદ શબ્બીર નુરમહમદ સમાના સંપર્કમાં આવેલ હતા. ત્યારબાદ આ આરોપીએ વૃધ્ધા સાથે સાદા તથા વીડીયો કોલમાં અવારનવાર વાતચીત કરેલ હોય અને વૃધ્ધાને આ આરોપી પ્રત્યે વિાસ બંધાતા અને બાદમાં બંને વીડીયો કોલમાં વાતચીત કરતા થયા

**અનુસંધાન પાના ૬ ઉપર**

## કેવડાપરા વિસ્તારમાં વસવાટ કરતાં

# સાવરકુંડલાનાં પ્રૌઢે દીકરો જેલમાં હોવાથી લાગી આવતાં ગળાફાંસો ખાઈ લીધો

**સ્થાનિક વિસ્તારમાં અરેરાટીનો માહોલ**

અમરેલી, તા. ૧૮

સાવરકુંડલા તાલુકાના કેવડાપરા વિસ્તારમાં રહેતા વિનુભાઈ જાગાભાઈ ડાભી નામના ૫૦ વર્ષીય આધેડનો દિકરો આજથી આશરે દોઢેક મહિનાથી જેલમાં ગયેલ હોય અને જેથી આ આધેડને મનમાં લાગી આવતા તા. ૧૭ના ૯:૩૦ વાગ્યે પોતાના રહેણાંક મકાન ખાતે ગળાફાંસો ખાઈ લેતાં તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતાં પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

ડોકટર હાઉસ અમરેલી ખાતે આ સપ્તાહમાં ઉપલબ્ધ સુપર સ્પેશ્યાલિસ્ટ

ડો. જય વિઠલાણી — કાર્ડિયોલોજીસ્ટ, હૃદયરોગ નિષ્ણાંત
તા. ૧૯/૦૬/૨૦૨૬, શુક્રવારે, બપોરે ૧૨ થી ૧:૩૦

ડો. સાગર બરાસરા — એન્ડોકાઈનોલોજીસ્ટ, ડાયાબિટીસ, થાઈરોઈડ અને હોર્મોન્સના નિષ્ણાંત
તા. ૨૦/૦૬/૨૦૨૬, શનિવારે, સવારે ૯ થી ૨

ડો. મૈત્રેય જોષી — યુરોલોજીસ્ટ એન્ડ એન્ડ્રોલોજીસ્ટ, કિડની, પથરી અને વ્યંઢત્વના રોગોના નિષ્ણાંત
તા. ૨૦/૦૬/૨૦૨૬, શનિવારે, સાંજે ૫ થી ૬

( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૯૪૩૪

ડોકટર હાઉસ અમરેલી — કાયમી કન્સલ્ટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.) ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ધોડાસરા (M.S.) ડો. દ્રષ્ટિ પંડયા

અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલ્ટન્ટ

આધુનિક મશીનરી ધરાવતી એકમાત્ર અમરેલી જિલ્લાની દાંતની હોસ્પિટલ
અર્થ દાંતની હોસ્પિટલ
ડો. ભગીરથ બી. વાળા (B.D.S. ડેન્ટલ સર્જન)
જડબામાં સ્ક્રુ વડે ફિક્સ દાંત, ચોકઠાના નિષ્ણાંત
ઉપલબ્ધ સારવાર
→ સડી ગયેલા દાંતને બચાવવાની સારવાર
→ દાંતની બત્રીસી (બધા જ દાંતનું ચોકઠું)
→ દાંત પર લગાવાતા કવર-કેપ (મેટલ તેમજ સીરામીક)
→ દુઃખાવા વગર દાંત કાઢવાની સુવિધા
→ નાના બાળકોના તમામ દાંત અને પેઢાની સારવાર
→ ઓછા ખુલતા મોઢાની સારવાર
સરનામું : પહેલો માળ, રાજકમલ ચોક, ઠાકરથાળની સામે, અમરેલી મો. ૮૪૯૦૦ ૩૮૩૦૩

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા ૯૮૨૫૫ ४६९०२

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,38,000/- (૧૦ ગ્રામ)
રહેલ તા.૧૮/૦૬/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૪૯ ૩૧૩૬૬

naari HOSPITAL હોસ્પિટલ
આકર્ષક પગારથી સ્ટાફની જરૂર છે
મેડીકલ ઓફીસર (BHMS / BAMS) દિવસ માટે (લેડીઝ)
આપની CV 9157221324 નંબર ઉપર વોટ્સઅપ કરવું અથવા રૂબરૂ મળવું
naari HOSPITAL જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
હોસ્પિટલ naarihospitalamreli@gmail.com

## માર્ગ–મકાન વિભાગમાં અવારનવાર રજૂઆત છતાં પરિણામ શૂન્ય

# દામનગરમાં જર્જરિત બનેલ ઈમારતની મરામત કરો

**ફરનીચર, બારી, બારણા અને જુના દસ્તાવેજો વેરવિખેર હાલતમાં જોવા મળે છે**

**રખડુ શ્વાનનો અડિંગો, કાટમાળ પડવા વાંકે ઉભો હોય તેવી ગંભીર પરિસ્થિતિ**

**મીડિયાજગતે પણ અહેવાલ પ્રસિધ્ધ કરી ધ્યાન દોર્યું છતાં પણ માર્ગ–મકાન વિભાગને કોઈ ચિંતા નથી**

**ધારાસભ્ય સહિતનાં પદાધિકારીઓ દરમિયાનગીરી કરે તેવી માંગ**






દામનગર, તા. ૧૮

દામનગર શહેરની મધ્યમાં આવેલ પુરાતનિય ૧૩૫ વર્ષ પહેલાં સર દામાજીરાવ ગાયકવાડ સરકારે બનાવેલ વહીવટી કચેરી એવી જુની નાયબ મામલતદાર કચેરીની હાલત એટલી બધી હદે ખરાબ થઈ છે કે આની અંદર રહેલ ફર્નિચર, કબાટ અને બારી–બારણા અને જૂના દસ્તાવેજો વેરવિખેર જોવા મળે છે. ।નના અડિંગા, જોખમી આ ઈમારત અને કાટમાળ પડુ પડુ થઈ રહ્યો છે. જાળ વણી અને દેખરેખના અભાવે આ ઈમારત જેનાં હસ્તક છે એવી માર્ગ અને મકાન પેટા વિભાગ–ર અમરેલી નાયબ કાર્યપાલક ઈજનેરનું અગાઉ અહીંથી એક નાગરિક દ્વારા ધ્યાન દોરવામાં આવેલ અને આ ઈમારતની હાલત બાબતે અખબારોમાં અહેવાલ પ્રસિદ્ધ થઈ ચુકયા છે છતાં પણ તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી કરાતી ન હોય રોષ ફેલાયો છે. તેમજ નીચેના ભાગોમાં પણ તૂટેલી હાલતમાં ઓરડા જોવા મળે છે ત્યાં પણ પ્લાસ્ટિક સહિતનો કચરો જોવા મળે છે અને ગંદકીના ઢગલા જોવા મળે છે. સ્થાનિક પ્રશાસન આળસ ઉડાવી અમરેલી જિલ્લા સમાહતા (કલેકટર)નુ ધ્યાન દોરી આ વિષય પર શું પગલાં ભરાવે છે કે નહીં તે જોવું રહ્યું.

### ડિજિટલ યુગમાં સાયબર ફ્રોડની ઘટના વધી

# લીલીયા ખાતે રહેતી મહિલા સાથે સાયબર ક્રાઈમ કરી નાણાની છેતરપીંડી

**સાયબર ક્રાઈમ પોલીસે ગુન્હો નોંધી તપાસ આદરી**

અમરેલી, તા. ૧૮

બેંક ઓફ ઈન્ડિયા એકાઉન્ટ નં. ર૦૭૩૧૦૧૧૦૦૦૭૬૪૬ તથા ધી બનાસકાંઠા ડિસ્ટ્રીકટ સેન્ટ્રલ કો–ઓપરેટીવ બેંક લી. એકાઉન્ટ નં. ૧૧૮૦૧૨૬૫૪૬૦૮ના ખાતા ધારકોએ અને મો.નં. ૮૦૦૦૬૬૮૭૧૩ના ધારકે એકબીજાની મદદગારીથી લીલીયા ગામે રહેતી ભોગ બનનાર સૃષ્ટીબેન કાંકરેચા સાથે ગત તા. ૩૧/૧/૨૬ થી તા. ૧/૨/૨૬ દરમ્યાન સાયબર ફ્રોડ કરી રૂપિયા મેળવી લઈ તેમજ અન્ય ભોગ બનનાર લોકો સાથે થયેલ સાયબર ફ્રોડના રૂપિયા પોતાના બેંક ખાતાઓમાં વારંવાર મેળવી લઈ તેને સગેવગે કરી ગુન્હો કરેલ હોય. જે અંગે અમરેલી સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા એ.એસ.આઈ. કુલદીપસિંહ જુવાનસિંહ લકુમે આરોપીઓ સામે ફરિયાદ નોંધાવતા આગળની તપાસ હાથ ધરેલ છે.

### ''આપ''નાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ કરેલી રજૂઆત

# વડિયામાં ખેડૂત છેલ્લા પાંચ વર્ષથી ન્યાય માટે આમથી તેમ ભટકતાં હોય મામલતદારે જરૂરી માર્ગદર્શન કર્યુ

**રૂબરૂ બોલાવીને મામલતદારે વિગતો જણાવતાં ખેડૂતે સંતોષ વ્યકત કર્યો**




વડિયા, તા. ૧૮

વડિયા ખાતે થોડા દિવસ પહેલા એક ખેડૂતે રસ્તા બાબતે જીવન ટૂંકાવતા સમગ્ર પંથકમાં ચકચાર મચવા પામી હતી. આ ખેડૂતના પરિવારને સાંત્વના આપવા આવેલાં ધારાસભ્ય ગોપાલ ઈટાલીયા સામે મૃતક ખેડૂતના પિતરાઈ ભાઈ દ્વારા તેના રસ્તા બાબતે રજુઆત કરતા ધારાસભ્યએ મામલતદારને આ બાબતે તુરંત કાર્યવાહી કરવા અને થયેલા હુકમનું પાલન કરવા રજુઆત સાથે માંગણી કરી હતી. બીજા દિવસે મામલતદાર દ્વારા અરજદાર ખેડૂતને ડોકયુમેન્ટ સાથે મામલતદાર ઓફિસ બોલાવતા અને સમગ્ર ડોકયુમેન્ટ તપાસતા વાસ્તવમાં એવું માલુમ પડેલ કે આ હુકમ મુજબની અમલવારી મામલતદાર કક્ષાએથી પાંચ વર્ષ પહેલા થઈ ચુકી છે તેમાં કોઈ કાર્યવાહી મામલતદાર કક્ષાએથી કરવાની થતી નથી. ત્યારે આ ભોળા ખેડૂતને પાંચ વર્ષથી અલગ અલગ રાજકીય નેતાઓ અને આગેવાનો પોતાના રોટલા શેકવા માટે ગેરમાર્ગે દોરતા હતા અને આ ભોળા ખેડૂતને ખોટા ધક્કા ખવડાવતા હતા. ત્યારે વડિયા મામલતદાર યોગેશ બારડે આ ખેડૂતના કેસમાં સ્પેશ્યલ સમય ફાળવી સમગ્ર પ્રકરણનો અભ્યાસ કરી ખેડૂતને આગળ શું કાર્યવાહી કરવી તે બાબતે માહિતગાર કર્યા હતા અને ખેડૂતને ખોટા ગેરમાર્ગે ન દોરાઈ સીવીલ કોર્ટનો સહારો લેવા માર્ગદર્શન અપાયું હતુ. આ માર્ગદર્શનથી ખેડૂતે પણ સંતોષ વ્યકત કરીને પોતે પાંચ વર્ષ હેરાન થયા છે પણ કોઈ યોગ્ય માર્ગદર્શન આપનાર માણસ ના મળ્યો તેથી આ માર્ગદર્શનથી ખેડૂતે પણ સંતોષ વ્યકત કર્યો હતો.

### જાગૃત નાગરિકે ચીફ ઓફિસરને પત્ર પાઠવ્યો

# બાબરાનાં ૧૭૦ જેટલા પરિવારોને પૂરતા પ્રમાણમાં પીવાનુ પાણી મળતુ નથી

**નિયમિત સફાઈ કાર્ય થતુ ન હોવાનુ પણ જણાવાયુ**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૧૮

બાબરાનાં જાગૃત નાગરિક નરેન્દ્રભાઈ રાવળે ચીફ ઓફિસરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમારા રહેણાંક વિસ્તાર સ્વામીનારાયણ નગરમાં કુલ ૧૭૦ રહેણાંક મકાન આવેલા છે. અને આ નગરમાં આશરે ૮૦૦થી વધારે માણસોની વસ્તી છે. છેલ્લા ઘણા મહીનાઓથી નગરપાલીકા દ્વારા અનિયમિત તેમજ ખુબ જ ઓછું પાણી આવેલ છે. કારણ કે આ સોસાયટી છેવાડાનો વિસ્તાર છે. અને પાણી છોડવાનો વાલ્વ ઘણો દુર આવેલ હોય પરિણામે પાણી છોડયા બાદ ૧૦ મીનીટ પછી પાણી આવે છે અને ખુબ જ ધીમું ધીમું આવે છે. અને વાલ્વ બંધ કરતા સોસાયટીમાં વહેલુ પાણી બંધ થઈ જાય છે. આશરે માત્ર ૧૦ મીનીટ એંકાતરા પાણી આવે છે. ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જે આટલી મોટી વસ્તીને પાણી મળી શકતુ નથી પાણીની મુશ્કેલી રહે છે. જેથી આટલી મોટી વસ્તીને યોગ્ય સમય સુધી તથા યોગ્ય રીતે પાણી મળી શકે તે માટે આ સોસાયટીના પાણી મળી શકે તેમ છે. તેથી આ વિગતે પાણીનુ વાલ્વ મુકવા વિનંતી છે. તથા સ્વામીનારાયણ નગરમાં નગરપાલીકા દ્વારા કોઈ સફાઈ કામદા મુકવામાં આવેલ નહીં હોવાથી અમારા ખર્ચે પગારદાર માણસો રાખીને સફાઈ માટે માણસો રાખવા પડેલ છે. અને દરેક વેરાની સાથે પાણી વેરો ત્યાં સફાઈનો કર પણ ભરીએ છીએ જેથી મોટી વસ્તીમાં નગરમાં સફાઈ માટે કાયમી નગરપાલીકા તરફથી સફાઈ કામદાર ફાળવવા તથા પાણીની પ્રેશર તથા પાણી ઓછુ આવતુ હોય સ્વામીનારાયણ નગરના મેઈન ગેઈટ સામે પાણીનો નગરપાલીકાનો વાલ્વ મૂકવો ઉપરોકત બન્ને બાબતો ધ્યાને લઈને યોગ્ય કરવા અંતમાં માંગ કરેલ છે.

# અમરેલી : ચેક રીર્ટન કેસમાં આરોપીનો નિર્દોષ છુટકારો




અમરેલી, તા. ૧૮

જાફરાબાદનાં મોટા સાકરીયા ગામના લીલાબેન જયતીભાઈ વરૂનાં કુલમુખત્યાર મહેદ્રભાઈ જયતીભાઈ વરૂએ કૃષિ અને ગ્રામીણ વિકાસ બેંક. લી. જાફરાબાદ ખાતેથી રૂા. ૧૦,૪૦,૦૦૦ની લોન લીધેલ અને તે પેટે રૂપિયા ૩,૫૧, ૫૫૬નો ચેક નં. ૧૦૦૦૦૧ તા. ૧૧/૧/ ૨૦૨૧નો અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકમાં આપેલ તે ચેક પરત ફરતા જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક ધ્વારા સે.કે.નં. ૮૫૯/૨૦૨૧થી મહેન્દ્રભાઈ જયતીભાઈ વરૂ સામે નેગો –૧૩૮ મુજબની ફરિયાદ દાખલ કરવામાં આવેલ તેમજ આજ વ્યકિત મહેન્દ્રભાઈ જયતીભાઈ વરૂએ લીલાબેન જયતીભાઈ વરૂના કુલમુખત્યારની રૂખે ચાજ બેંકમાંથી રૂા. ૧૦,૪૦,૦૦૦ની લોન લીધેલ અને તે પેટે રૂા. ૬,૭૫,૫૫રનો ચેક નં. ૧૦૦૦૦રનો તા. ૨૦/૫/૨૦૨૨નો અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક. લી. જાફરાબાદ શાખાનો ચેક આપેલ જે ચેક રીર્ટન થતા બેંક ધ્વારા સે.કે.નં ૧૮૭૨/૨૦૨૨ મહેન્દ્રભાઈ જયતીભાઈ વરૂ સામે નેગો–૧૩૮ મુજબની ફરિયાદ દાખલ કરવામાં આવેલ.

ઉપરોકત બંને કેસો અમરેલી એડી. ચિફ. જયુન. મેજીસ્ટ્રેટ એચ.આર. મુલતાનીસાદબની કોર્ટમાં ચાલી જતાં બંને કેસોમાં આરોપી તરફે એડવોકેટ જયેશ.પી. ત્રિવેદી અને અજુન.આર. કાકડીયા ધ્વારા કરવામાં આવેલ. ઉપર તપાસ અને દલીલોને ધ્યાને રાખી ફરિયાદી પોતાની ફરિયાદ સાબીત કરી શકેલ ન હોય આરોપીને બંને કેસોમાં નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ છે.

### નટવરનગર વિસ્તાર ખાતે

# બગસરામાં જુગાર રમતાં ૬ પત્તાપ્રેમીઓની અટકાયત

**રૂપિયા ૧૨,૮૦૦ કબ્જે કરાયા**



અમરેલી, તા. ૧૮

બગસરા પોલીસ ઈન્સ્પેકટર વી.કે. ગોલવેલકરની રાહબરી હેઠળ બગસરા પોલીસ સર્વેલન્સ ટીમ દ્વારા હ્યુમન સોર્સની મદદથી ચોક્કસ બાતમી આધારે બગસરાના નટવરનગરમાંથી જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા વિકાસભાઈ અશોકભાઈ ડાભી સહિત છ ઈસમોને રોકડા રૂપિયા ૧૨,૮૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી આરોપીઓ વિરૂધ્ધમાં ધોરણસરની કાર્યવાહી કરી જુગારનો કેસ કરવામાં આવેલ છે.

### નબાપરા વિસ્તારની ઘટના

# ધારી : રહેણાંક વિસ્તારોમાં રાત્રે દેખાતા દીપડાથી ભયનો માહોલ

**ગીરકાંઠા વિસ્તારોમાં રાની પશુઓની અવરજવરથી ચિંતા**

અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લામાં સિંહ અને અન્ય વન્ય પશુઓના વધતા આંટાફેરા વચ્ચે હવે ધારી નજીક આવેલા નબાપરા વિસ્તારમાં દીપડાના સતત આંટાફેરાથી સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાયો છે. છેલ્લા ત્રણથી ચાર દિવસથી દીપડો ગામના રહેણાંક વિસ્તારની આસપાસ દેખાઈ રહ્યો હોવાનું સીસીટીવી દ્રશ્યોથી સામે આવ્યું છે.

આ બનાવમાં મળતી માહિતી મુજબ છેલ્લા ત્રણથી ચાર દિવસથી રાત્રિના સમયે એક દીપડો ગામના રહેણાંક વિસ્તારમાં લટાર મારતો જોવા મળ્યો હતો. તેની હલચલ નજીકમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થઈ ગઈ હતી. દીપડાના આંટાફેરાના સીસીટીવી દ્રશ્યો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં ગ્રામજનોમાં ચિંતા અને ભય વધુ વધી ગયો છે.

સ્થાનિકોના જણાવ્યા અનુસાર છેલ્લા કેટલાક દિવસોથી દીપડો વારંવાર ગામની સીમ અને રહેણાંક વિસ્તાર નજીક જોવા મળી રહ્યો છે. જેના કારણે ખાસ કરીને રાત્રિના સમયે લોકો બહાર નીકળવામાં ભય અનુભવી રહ્યા છે. ગ્રામજનોએ વન વિભાગને તાત્કાલિક કાર્યવાહી કરી દીપડાને પાંજરે પૂરવાની માંગ કરી છે.

બીજી તરફ વન વિભાગ દ્વારા પણ સમગ્ર ઘટનાને ગંભીરતાથી લઈ દીપડાની હલચલ પર નજર રાખવામાં આવી રહી છે. દીપડાને સુરક્ષિત રીતે પાંજરે પૂરવા માટે જરૂરી કવાયત હાથ ધરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. હાલ ગામમાં



દીપડાના આંટાફેરાને લઈને લોકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

### બાબરા નજીક આવેલ

# સમઢીયાળા ગામની સીમમાં જુગાર રમતાં પાંચ પત્તાપ્રેમી ઝડપાયા

**પોલીસે ૧૪૬૪૦નો મુદ્દામાલ કબ્જે કર્યો**



અમરેલી, તા. ૧૮

બાબરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ. આર.આર. પરમારની રાહબરી હેઠળ બાબરા પોલીસ સ્ટેશનની ટીમને મળેલ બાતમીના આધારે બાબરા તાલુકાના સમઢીયાળા ગામની સીમમાં જાહેર જગ્યામાં હારજીતનો જુગાર રમતાં હાલ રાજકોટ હુડકો ચોકડી, કોઠારીયા રોડ નાડોદા વિસ્તારમાં રહેતા અને મુળ બાબરા તાલુકાના નીલવડા ગામે રહેતા પ્રકાશભાઈ ગોરધનભાઈ ખાવડીયા સહિત પાંચ ઈસમોને રોકડ રકમ રૂપિયા ૧૪૬૪૦ના મુદામાલ સાથે પકડી પાડી તેઓના વિરૂધ્ધ જુગાર ધારાની કલમ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી કરેલ છે.

## સ્થાનિક મામલતદારે નિર્ભય બનીને નિયમાનુસાર કરી કાર્યવાહી

# લીલીયામોટા પંથકમાંથી થતી રેતી ચોરી સામે લાલ આંખ

**અમરેલી, લીલીયા સહિતનાં વિસ્તારમાં દર વર્ષે કરોડો રૂપિયાની કિંમતી રેતીની વ્યાપક પ્રમાણમાં ચોરી થઈ રહી છે**

**લીલીયા પંથકમાં થતી રેતી ચોરી અંગે પણ અવારનવાર રજૂઆત કરવામાં આવેલ**

**ખાણ-ખનિજ વિભાગ સુતો રહ્યો અને મામલતદારે ૨ ડમ્પરને ઝડપી લીધા**

**સત્તા પક્ષનાં આગેવાનો કયાં કારણોસર રેતી ચોરી સામે આંખ મિચામણા કરે છે તે સમજાતુ નથી**

અમરેલી, તા. ૧૮

અમરેલી અને લીલીયા પંથકમાંથી પસાર થતી શેત્રુંજી નદીમાંથી રેતી ખનન કરવાની મનાઈ હોવા છતાં દરરોજ હજારો ટન રેતીની ખુલ્લેઆમ ચોરી સ્થાનિક તંત્રનાં આંખ મિંચામણા સાથે થઈ રહ્યાનું જગજાહેર છે અને છતાં પણ સત્તા પક્ષનાં એકપણ પદાધિકારી રેતી ચોરી સામે ચુ કે ચાં કરતાં ન હોય જનતામાં પણ સત્તા પક્ષનાં આગેવાનોની કાર્યશૈલી વિવાદનું કેન્દ્ર બની રહી છે.

દરમિયનમાં લીલીયા પંથકમાંથી પસાર થતી શેત્રુંજી નદીમાં પાછલા કેટલા સમયથી જવાબદાર વહીવટી તંત્રની મીઠી નજરતળે ખુલ્લેઆમ રેતી ચોરી ચાલી રહી હોય સ્થાનિક આગેવાનોએ અનેકવાર રજૂઆત કરી રેતી ચોરી બંધ કરાવવા માંગણી કરેલ હોવા છતાં કશું જ પરિણામ મળેલ નથી. તેવા સમયે જવાબદાર ખાણ ખનીજ વિભાગ ઊંઘતું રહ્યું અને સ્થાનિક મામલતદાર એચ.બી. વાડા એ વહેલી સવારે પૂજાપાદર નજીક મામાદેવ મંદિર ચોકડી નજીકથી ડમ્પર નંબર જી.જે.-૧૩ એટી-૧૮૫૭ની કિંમત રૂપિયા ૩,૪૦,૫૦૦ તેમજ ડમ્પર નંબર જી.જે.-૦૬ એકસએકસ-૬૫૧૬ સહિત ૩૦ ટન રેતીનો જથ્થો પકડી પાડી ધોરણસરની કાર્યવાહી કરતા ભૂમાફિયાના પગ નીચે રેલો આવ્યો હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળેલ છે. જવાબદાર ખાણ ખનીજ વિભાગની મીઠી નજરતળે શેત્રુંજી નદીમાં રેતી ચોરી ચાલી રહી હોવાનું લોકોમાં ચર્ચાઈ રહ્યું છે.





## સાવરકુંડલાનાં ધારાસભ્ય કસવાલાએ કરી માંગ

# અમરેલી જિલ્લાનાં મહેસુલી વિસ્તારમાં પાક અને ખેડૂતોનાં રક્ષણ માટે મેડા બનાવવા સહાય કરો

**વન મંત્રી અર્જુનભાઈ મોઢવાડીયાને પત્ર પાઠવવામાં આવ્યો**

સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલાનાં ધારાસભ્ય મહેશ કસવાલએ રાજયનાં વન મંત્રી અર્જુન મોઢવાડીયને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, અમરેલી જિલ્લાનાં રેવન્યુ વિસ્તારોમાં છેલ્લા કેટલાક સમયથી માનવભક્ષી સિંહો તથા દીપડાઓના વધતા જતા ત્રાસ અને તેના કારણે સર્જાતો ગંભીર પરિસ્થિતિથી આપ અવગત છો. તાજેતરમાં સાવરકુંડલા, રાજુલા તથા કુંકાવાવ વિસ્તારોમાં સિંહ અને દીપડાના હુમલાઓને કારણે જાનહાનિની દુ:ખદ ઘટનાઓ બની છે. જેના કારણે સમગ્ર જિલ્લામાં વિસ્તારના ખેડૂતો, ખેતરમાં કામ કરતા મજુર વર્ગ તેમજ ગ્રામજનોમાં ભય અને અસુરક્ષાની લાગણી વ્યાપી છે.

વધુમાં જણાવેલ છે કે, ખેડૂતોને પોતાના પાકના રક્ષણ માટે ખાસ કરીને રાત્રિના સમયે ખેતરમાં હાજર રહેવું પડતું હોય છે. આવી પરિસ્થિતિમાં



જંગલી પ્રાણીઓના હુમલાનો સતત ભય રહેતો તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવી અત્યંત જરૂરી બની છે.

વધુમાં અમરેલી જિલ્લાના અસરગ્રસ્ત વિસ્તારોના ખેડૂતોને પાકના રક્ષણ માટે સુરક્ષિત મયાણ (મેડા) સરળ પ્રક્રિયા ધ્વારા તાત્કાલીક ધોરણે ઉપલબ્ધ કરાવવા તથા જરૂરી માર્ગદર્શિકા અને સહાય પુરી પાડવા બાબતે યોગ્ય કાર્યવાહી કરવામાં આવી, જેથી ખેડૂતો



પોતાના પાકની રક્ષા કરી શકે અને તેમની જાનમાલની સુરક્ષા પણ સુનિશ્ચિત થઈ શકે.

આ બાબતની ગંભીરતાને ધ્યાને લઈ ખેડૂતોના હિતમાં ત્વરિત અને હકારાત્મક નિર્ણય કરવામાં આવે તેવી માંગ કરવામાં આવેલ છે.

## ધારાસભ્ય જનક તળાવીયાની જહેમત રંગ લાવી

# અરે વાહ : બાબરાનાં ખંભાળા ગામે નવી માધ્યમિક શાળા મંજુર કરાઈ

**ગ્રામજનો અને વિદ્યાર્થીઓમાં ખુશીનો માહોલ**

બાબરા, તા. ૧૮

બાબરા તાલુકાના ખંભાળા ગામ માટે શિક્ષણ ક્ષેત્રે એક મહત્વપૂર્ણ અને ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના સતત પ્રયત્નો, રાજય સરકાર સમક્ષ કરાયેલી રજૂઆતો અને શિક્ષણ પ્રત્યેની પ્રતિબદ્ધતાના પરિણામે ખંભાળા ગામ ખાતે નવી માધ્યમિક શાળા મંજૂર કરવામાં આવી છે.

ગામ તેમજ આસપાસના વિસ્તારના વિદ્યાર્થીઓને અત્યાર સુધી માધ્યમિક શિક્ષણ માટે અન્ય ગામો કે શહેરોમાં જવું પડતું હતું, જેના કારણે અનેક વિદ્યાર્થીઓને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. હવે નવી માધ્યમિક શાળાની મંજૂરી મળતા વિદ્યાર્થીઓને પોતાના વિસ્તારમાં જ ગુણવત્તાયુક્ત શિક્ષણની સુવિધા ઉપલબ્ધ બનશે.

ધારાસભ્યએ જણાવ્યું હતું કે શિક્ષણએ સમાજના સર્વાંગી વિકાસનો પાયો છે અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓને વધુ સારી શૈક્ષણિક તકો મળે તે માટે તેઓ સતત પ્રયત્નશીલ રહ્યા છે. ખંભાળા ગામ માટે નવી માધ્યમિક શાળાની મંજૂરી એ શિક્ષણના વિકાસ તરફનું એક મહત્વપૂર્ણ પગલું છે, જેનાથી આવનારા સમયમાં અનેક વિદ્યાર્થીઓના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ થશે.

આ નિર્ણયને લઈને ખંભાળા ગામના ગ્રામજનો, વાલીઓ, યુવાનો અને વિદ્યાર્થીઓમાં ખુશીની લાગણી જોવા મળી રહી છે. ગ્રામજનોએ રાજય સરકાર તથા ધારાસભ્યનો આભાર વ્યક્ત કરી અભિનંદન પાઠવ્યા હતા.

નવી માધ્યમિક શાળાની શરૂઆતથી માત્ર શિક્ષણ ક્ષેત્રે જ નહીં પરંતુ સમગ્ર વિસ્તારના સામાજિક અને શૈક્ષણિક વિકાસને નવી દિશા મળશે. વિદ્યાર્થીઓને નજીકમાં શિક્ષણની સુવિધા મળવાથી અભ્યાસ પ્રત્યેનો રસ વધશે અને ઉચ્ચ શિક્ષણ તરફ આગળ વધવા માટે વધુ પ્રોત્સાહન મળશે.

ખંભાળા ગામ માટે મળેલી આ ભેટ શિક્ષણ ક્ષેત્રે વિકાસની નવી શરૂઆત સાબિત થશે અને ગામના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે.


અમરેલીમાં ચિત્તલ રોડ ઉપર
મકાન વેચવાનું છે
અમરેલીનાં ચિત્તલ રોડ ઉપર આવેલ મકાન જેમાં ૪ બેડરૂમ, હોલ, કિચન, ફિક્સ ફર્નીચર સાથેનું મકાન વેચવાનું છે.
સંપર્ક : 82006 38624

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠા
Mo. 93770 03636

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

આપણો સમાજ
એજ્યુકેશન કન્સલ્ટન્સી
ધોરણ 10 અને 12 પછી થતા ઉત્તમ કારકિર્દી ધરાવતા અભ્યાસક્રમો
BSC NURSING
MSC NURSING
ANM NURSING
GNM NURSING
PBBSC NURSING
BHMS / BAMS
B.C.A., B.A., P.T.C., B.ed.
તેમજ ધોરણ 10 અને 12 માં NIOS બોર્ડની વ્યવસ્થા
SC/ST વિદ્યાર્થીઓને 100% સરકાર માન્ય સંપૂર્ણ સ્કોલરશીપ મળવાપાત્ર
Nikunj Chauhan 81414 55245
Bhavesh Vegda 93271 22692
:: એડ્રેસ ::
પ્રથમ માળ, આકાર કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેન્ડ, નાગનાથ મંદિર પાસે, અમરેલી - ૩૬૫૬૦૧



















### દિલ્હીમાં NEET ઉમેદવાર વિદ્યાર્થીની મૃત હાલતમાં મળી

# NEET રી-એક્ઝામના વધતા સ્ટ્રેસથી અનેક રાજ્યોમાં વિદ્યાર્થીઓએ ટૂંકાવ્યું જીવન

**દેહરાદૂનમાં ૨૩ વર્ષની NEET ઉમેદવાર વિદ્યાર્થીનીએ પણ પોતાનું જીવન ટુકાવ્યું હોવાનું સામે આવ્યું છે**

નવી દિલ્હી, તા.૧૮

૨૧ જૂને હજારો મેડિકલ ઉમેદવારો NEET-UG પુનઃપરીક્ષા આપવાના છે અને તેના થોડા દિવસો પહેલા જ ગુજરાત, તમિલનાડુ, દિલ્હી, ઉત્તરાખંડ અને મહારાષ્ટ્રના વિદ્યાર્થીઓએ જીવન ટુકાવ્યું છે. પરિવારોના જણાવ્યા અનુસાર, મેડિકલ પ્રવેશ પરીક્ષાના ભારે દબાણને કારણે આ વિદ્યાર્થીઓ માનસિક તણાવમાં આવી ગયા હતા. જેના કારણે વિદ્યાર્થીઓએ જીવન ટુકાવ્યું છે.

અમદાવાદમાં NEET પરીક્ષાની તૈયારી કરી રહેલા ૧૭ વર્ષીય વિદ્યાર્થીએ જીવન ટુકાવ્યું હોવાની ઘટના સામે આવી છે. ન્યૂ રાણીપ વિસ્તારમાં રહેતા વિદ્યાર્થીએ પોતાના રહેણાંક ફ્લેટના છઠ્ઠા માળેથી કૂદીને જીવન ટૂંકાવ્યું છે. ઘટના NEET પરીક્ષાના માત્ર ત્રણ દિવસ પહેલાં બની છે. ઘટનાની જાણ થતાં પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે મોકલી આપ્યો છે.

કોયમ્બતુરની ૧૯ વર્ષની NEET ઉમેદવારે બુધવારે (૧૭ જૂને) જીવન ટુકાવ્યું હતું. વિદ્યાર્થીની NEET માટે કોચિંગ લઈ રહી હતી અને મેડિકલ કોલેજમાં પ્રવેશ મેળવવા માટે ગંભીરતાથી તૈયારી કરી રહી હતી. પરિવારજનોના જણાવ્યા મુજબ, પરીક્ષા રદ થવી અને ફરી પરીક્ષા જાહેર થવાથી તે ખૂબ જ દુઃખી હતી. જીવન ટુકાવા પહેલા તેણે પોતાના સંબંધીઓને ભાવુક વોટ્સએપ સંદેશ મોકલ્યો હતો. દિલ્હીના પાલમ વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષની NEET ઉમેદવાર ઘરમાં મૃત હાલતમાં મળી આવી. અહેવાલો મુજબ, વિદ્યાર્થીનીએ ૩ મેના રોજ NEET પરીક્ષા આપી હતી અને પરીક્ષા રદ થયા બાદ તે ભારે સ્ટ્રેસમાં આવી હતી. પોલીસના જણાવ્યા મુજબ, તેના પિતા ૧૩ જૂને સાસરિયા ગયા હતા અને ઘટના સમયે વિદ્યાર્થીની ઘરમાં એકલી હતી. સ્થળ પરથી મળેલી સુસાઈડ નોટમાં તેણે માતા-પિતાની માફી માંગી હતી અને તેમની અપેક્ષાઓ પૂરી ન કરી શકવાની વ્યથા પણ વ્યક્ત કરી હતી.

દેહરાદૂનમાં ૨૩ વર્ષની NEET ઉમેદવાર વિદ્યાર્થીનીએ પણ પોતાનું જીવન ટુકાવ્યું હોવાનો સામે આવ્યું છે. અધિકારીઓના જણાવ્યા મુજબ, વિદ્યાર્થીની અભ્યાસમાં ખૂબ જ તેજસ્વી હતી. તેણે ધોરણ ૧૨માં ૯૬.૭ ટકા ગુણ મેળવ્યા હતા. કોલેજમાં વિદ્યાર્થીની ટોપર રહી હતી. ફરી પરીક્ષાની જાહેરાત બાદ તે સ્ટ્રેસમાં આવી હતી.

રાજસ્થાનના સીકર જિલ્લામાં ૨૨ વર્ષીય ઉમેદવાર NEET પરીક્ષાની ત્રીજી કોશિશ માટે તૈયારી કરી રહ્યો હતો. પોલીસના જણાવ્યા અનુસાર, તે ઝુંઝનુ જિલ્લાના નવલગઢનો રહેવાસી હતો. તેના પિતા મુંબઈમાં કોન્ટ્રાક્ટર તરીકે કામ કરે છે. વિદ્યાર્થી પોતાની માતા, બહેન અને ભાઈ સાથે સીકરમાં રહીને પરીક્ષાની તૈયારી કરી રહ્યો હતો.

NEET-UG પેપર લીક વિવાદ અને પુનઃપરીક્ષાના દબાણને કારણે ભારે તણાવ વચ્ચે ૨૦ મે ૨૦૨૬ના રોજ મહારાષ્ટ્રના નાગપુરમાં પણ ૧૮ વર્ષીય NEET પરીક્ષા આપતી વિદ્યાર્થીનીએ જીવન ટુકાવ્યું છે.

આ દરમિયાન, NTA ના ડિરેક્ટરે વિદ્યાર્થીઓને ખાતરી આપી છે કે NEET પુનઃ પરીક્ષા સંપૂર્ણ રીતે સુરક્ષિત યોજાશે. વિદ્યાર્થીઓ અને વાલીઓને સોશિયલ મીડિયા પર પ્રશ્નપત્ર લીક કરવાના ખોટા દાવા કરનાર ઠગોથી સાવચેત રહેવાની અપીલ કરી છે.

### નોકરીયાત લોકો માટે સારા સમાચાર

# EPF પર ૮.૨૫% વ્યાજ દર મંજૂર, આ જ મહિને ખાતામાં જમા થશે પૈસા

**આ આદેશ બાદ ચાલુ મહિનામાં જ દેશના ૭ કરોડથી વધુ સક્રિય સભ્યોના ખાતામાં વ્યાજની રકમ જમા થવાની પ્રબળ શક્યતા છે**

નવી દિલ્હી, તા.૧૮

સરકારે નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે EPF પર ૮.૨૫% વ્યાજદરને સત્તાવાર મંજૂરી આપી દીધી છે. એક સત્તાવાર સૂત્ર દ્વારા મળતી માહિતી અનુસાર, આ આદેશ બાદ ચાલુ મહિનામાં જ દેશના ૭ કરોડથી વધુ સક્રિય સભ્યોના ખાતામાં વ્યાજની રકમ જમા થવાની પ્રબળ શક્યતા છે.સામાન્ય પ્રક્રિયા હેઠળ, EPFO દ્વારા નક્કી કરાયેલા વ્યાજદરને જ્યારે નાણાં મંત્રાલય અંતિમ મંજૂરી આપે છે, ત્યાર બાદ જ તે ગ્રાહકોના ખાતામાં ક્રેડિટ કરવામાં આવે છે. સૂત્રે જણાવ્યું હતું કે, નાણાં મંત્રાલયે EPFOની સર્વોચ્ચ નિર્ણય લેતી સંસ્થા સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીઝ (CBT) દ્વારા ભલામણ કરાયેલા ૮.૨૫% વ્યાજદરના પ્રસ્તાવને સ્વીકારી લીધો છે.આ અગાઉ, ૨ માર્ચ ૨૦૨૬ના રોજ કેન્દ્રીય શ્રમ મંત્રી મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં યોજાયેલી ઝમ્ની બેઠકમાં નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ માટે વ્યાજદર ૮.૨૫% રાખવાનો નિર્ણય લેવાયો હતો. આ સતત ત્રીજું વર્ષ છે જ્યારે સરકારે વ્યાજદરમાં કોઈ ફેરફાર ન કરીને તેને સ્થિર રાખ્યો છે. ભારત સરકાર EPF ફંડ માટે ગેરન્ટર હોવાથી, CBTના આ નિર્ણયને નાણાં મંત્રાલયની અંતિમ મંજૂરી માટે મોકલવામાં આવ્યો હતો. નાણાં મંત્રાલયે તમામ ટેકનિકલ અને નાણાકીય પાસાઓની તપાસ કર્યા બાદ આ પ્રસ્તાવ પર મહોર લગાવી દીધી છે. શ્રમ મંત્રાલયના નિર્દેશો અનુસાર, EPFO દ્વારા આ મહિનાના અંત સુધીમાં તમામ સબ્સ્ક્રાઈબર્સના ખાતામાં FY26 માટેનું વ્યાજ જમા કરી દેવામાં આવશે. વળી, EPFO દ્વારા વિકસાવવામાં આવેલી નવી આધુનિક સિસ્ટમના કારણે આ વખતે વ્યાજની રકમ સભ્યોના ખાતામાં કોઈ પણ વિલંબ વગર તરત જ ટ્રાન્સફર થઈ જશે.ગયા વર્ષે ફેબ્રુઆરીમાં, EPFO એ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે વ્યાજ દર ૮.૨૫ ટકા જાળવી રાખ્યો હતો. ૨૦૨૪ માં, EPFO એ ૨૦૨૩-૨૪ માટે વ્યાજ દરમાં થોડો વધારો કરીને ૮.૨૫ ટકા કર્યો હતો, જે ૨૦૨૨-૨૩ માં ૮.૧૫ ટકા હતો.માર્ચ ૨૦૨૨ માં, સંસ્થાએ ૨૦૨૧-૨૨ માટે વ્યાજ દર ઘટાડીને ૮.૧૦ ટકા કર્યો, જે ચાર દાયકાથી વધુ સમયનો સૌથી નીચો છે. અગાઉ, ૨૦૨૦-૨૧ માં આ દર ૮.૫ ટકા હતો. નાણાકીય વર્ષ ૧૯૭૭-૭૮ માં તે ૮ ટકા હતો.માર્ચ ૨૦૨૦ માં, EPFO એ ૨૦૧૯-૨૦ માટે પ્રોવિડન્ટ ફંડ ડિપોઝિટ પરનો વ્યાજ દર ૨૦૧૮-૧૯ માં ૮.૬૫ ટકાથી ઘટાડીને ૮.૫ ટકા કર્યો. સંસ્થાએ ૨૦૧૬-૧૭ માં ૮.૬૫ ટકા અને ૨૦૧૭-૧૮ માં ૮.૫૫ ટકા વ્યાજ દર ઓફર કર્યો, જે ૨૦૧૫-૧૬ માં ૮.૮ ટકા હતો. ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫ માં વ્યાજ દર ૮.૭૫ ટકા હતો, જે ૨૦૧૨-૧૩ માં ૮.૫ ટકા કરતા વધારે હતો. ૨૦૧૧-૧૨ માં આ દર ૮.૨૫ ટકા હતો. અગાઉના વર્ષો પર નજર કરીએ તો EPFOએ વ્યાજદરમાં ઘણા ઉતાર-ચઢાવ જોયા છે:

- ●FY25 (2024-25): ગયા વર્ષે ફેબ્રુઆરીમાં પણ EPFOએ વ્યાજદર ૮.૨૫% પર યથાવત રાખ્યો હતો.
- ●FY24 (2023-24): વર્ષ ૨૦૨૪માં EPFOએ વ્યાજદર ૮.૧૫%થી વધારીને ૮.૨૫% કર્યો હતો.
- ●FY22 (2021-22): માર્ચ ૨૦૨૨માં વ્યાજદર ઘટાડીને ૮.૧૦% કરવામાં આવ્યો હતો, જે તે સમયે છેલ્લા ૪ દાયકાનો સૌથી નીચો સ્તર હતો. આ પૂર્વે ૧૯૭૭-૭૮માં વ્યાજદર ૮% નોંધાયો હતો.
- ●FY20 (2019-20): માર્ચ ૨૦૨૦માં PF પરનો વ્યાજદર ૮.૬૫%થી ઘટાડીને ૮.૫% કરવામાં આવ્યો હતો.
- ●અન્ય વર્ષો: EPFOએ સભ્યોને ૨૦૧૬-૧૭માં ૮.૬૫%, ૨૦૧૭-૧૮માં ૮.૫૫% અને ૨૦૧૫-૧૬માં ૮.૮% વ્યાજ આપ્યું હતું. જ્યારે ૨૦૧૩-૧૪ અને ૨૦૧૪-૧૫માં આ દર ૮.૭૫% હતો.

### કાલે ૮૦ કિ.મી.ની ઝડપે ફૂંકાશે પવનઃ IMD

# ૧૭ રાજ્યોમાં ૧૨ કલાકમાં વરસાદ-વાવાઝોડાનું એલર્ટ

**હવામાન વિભાગે આવતીકાલે એટલે કે ૧૯ જૂને ૧૭ રાજ્યોમાં ભારે વરસાદ સાથે વાવાઝોડાનું એલર્ટ જાહેર કર્યું**

નવી દિલ્હી, તા.૧૮

ચોમાસાએ ફરી એકવાર ગતિ પકડી લીધી છે, અને ઝારખંડ, બિહાર સહિત ઘણા રાજ્યોમાં ચોમાસું ઝડપથી આગળ વધી રહ્યું છે. આ દરમિયાન હવામાન વિભાગે ૧૨ કલાકની અંદર દેશના ૧૭ રાજ્યોમાં વાવાઝોડા અને વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. આ સમયગાળા દરમિયાન ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તેજ પવન ફૂંકાઈ શકે છે. હવામાન વિભાગે આવતીકાલે એટલે કે ૧૯ જૂને ૧૭ રાજ્યોમાં ભારે વરસાદ સાથે વાવાઝોડાનું એલર્ટ જાહેર કર્યું છે. IMD(હવામાન વિભાગ)ના પૂર્વાનુમાન મુજબ, આ અઠવાડિયે ઉત્તર-પૂર્વ ભારત અને ઉપ-હિમાલયી પશ્ચિમ બંગાળ તેમજ સિક્કિમના લોકોની મુશ્કેલીઓ વધવાની છે, કારણ કે અહીં ભારે વરસાદ થવાની સંભાવના છે. કેટલીક જગ્યાએ વીજળી પડવાની પણ આશંકા છે.હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ચોમાસાની ઉત્તરીય સરહદ હરનાઈ, સોલાપુર, હૈદરાબાદ, કોરાપુટ, ફૂલબની, રાંચી, જમુઈ અને મુઝફ્ફરપુર પરથી પસાર થઈ રહી છે. આગામી ૪-૫ દિવસ દરમિયાન તેલંગાણા, ઓડિશા, ઝારખંડ અને બિહારના કેટલાક વધુ ભાગોમાં તેમજ છત્તીસગઢના કેટલાક ભાગોમાં દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગળ વધવા માટે સાનુકૂળ પરિસ્થિતિઓ છે.

બિહાર, ઝારખંડ, ઓડિશા, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને જમ્મુ-કાશ્મીર સહિત અનેક રાજ્યોમાં ગાજવીજ સાથે તેજ પવન ફૂંકાવાની શક્યતા છે. આ દરમિયાન ઘણા વિસ્તારોમાં ૭૦થી ૮૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે. જ્યારે ઉત્તર-પૂર્વ ભારતના અરુણાચલ પ્રદેશ, આસામ, મેઘાલય, નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં ૧૯થી ૨૪ જૂન વચ્ચે ભારે વરસાદની સંભાવના છે. આસામ અને મેઘાલયમાં ૧૯થી ૨૨ જૂન દરમિયાન અત્યંત ભારે વરસાદનું અનુમાન છે.દિલ્હીમાં વાવાઝોડા-વરસાદની સંભાવના (૧૯-૨૧ જૂન): હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, દિલ્હીમાં આવતીકાલે એટલે કે ૧૯ જૂને આંશિક વાદળછાયું વાતાવરણ રહેશે. સવારે અથવા બપોરે હળવા વરસાદ સાથે વાવાઝોડું આવવાની શક્યતા છે. આ દરમિયાન પવનની ગતિ ૬૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. આ સાથે શુક્રવારે તાપમાન ૪૨ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી શકે છે. જ્યારે ૨૦ અને ૨૧ જૂને પણ ધૂળની ડમરીઓ સાથે વાવાઝોડું આવવાની શક્યતા છે. ૨૦ જૂનથી તાપમાનમાં થોડો ઘટાડો થઈ શકે છે.ઉત્તર પ્રદેશમાં હીટવેવ(લૂ)નું એલર્ટ (૧૯-૨૨ જૂન): મેરઠ, બિજનૌર, બરેલી, શાહજહાંપુર, બદાયું, પીલીભીત, હરદોઈ, સીતાપુર, બહરાઈચ, બારાબંકી, કાનપુર દેહાત, લખનૌ, બલરામપુર, ગોંડા, ઉન્નાવ, હમીરપુર, મહોબા, ચિત્રકૂટ, કૌશામ્બી, પ્રયાગરાજ, વારાણસી, ગાઝીપુર સહિત રાજ્યના અનેક જિલ્લાઓમાં હવામાન વિભાગે ૧૯ જૂને હીટવેવનું એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગે પૂર્વીય યુપી અને પશ્ચિમી યુપીમાં ૧૯થી ૨૪ જૂન સુધી લૂની સંભાવના વ્યક્ત કરી છે. જોકે, કેટલાક સ્થળોએ ગાજવીજ સાથે હળવો વરસાદ પણ થઈ શકે છે.બિહારમાં વાવાઝોડા અને વરસાદનું એલર્ટ (૧૯-૨૨ જૂન): પશ્ચિમ ચંપારણ, ગોપાલગંજ, સિવાન, સારણ, પૂર્વ ચંપારણ, બાંકા, કટિહાર, મુંગેર, જમુઈ, બેગુસરાય, નાલંદા, શેખપુરા, નવાદા, ગયા, પટના સહિત ઘણા જિલ્લાઓમાં હવામાન વિભાગે ૧૯ જૂને ગાજવીજ સાથે વરસાદનું એલર્ટ આપ્યું છે. જ્યારે સમસ્તીપુરમાં ભારે વરસાદનું એલર્ટ છે. પૂર્વાનુમાન મુજબ, ગાજવીજ સાથે વાવાઝોડા અને વરસાદનો આ સિલસિલો રાજ્યના અલગ-અલગ જિલ્લાઓમાં ૨૨ જૂન સુધી ચાલુ રહેશે. આ દરમિયાન ૬૦ થી ૮૦ કિમી પ્રતિ કલાકની ઝડપે તેજ પવન ફૂંકાઈ શકે છે.ગાજવીજ સાથે મુશળધાર વરસાદનું એલર્ટ (૧૯-૨૨ જૂન): IMD એ હિમાચલ પ્રદેશના ત્રણ જિલ્લામાં ૧૯ જૂને મુશળધાર વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર શિમલા, મંડી અને કુલ્લુમાં આવતીકાલે મુશળધાર વરસાદ પડી શકે છે. જ્યારે ચંબા અને કાંગડામાં પણ વરસાદનું યલો એલર્ટ જાહેર કરાયું છે. ૧૯થી ૨૨ જૂન દરમિયાન રાજ્યમાં વાવાઝોડા અને કરા સાથે વરસાદ થવાના સંકેત છે.

કરા પડવાનું એલર્ટ (૧૯ થી ૨૨ જૂન): રુદ્રપ્રયાગ, ચમોલી, પિથોરાગઢ, અલ્મોડા, બાગેશ્વર, નૈનીતાલ, ચંપાવતમાં હવામાન વિભાગે વાવાઝોડા અને વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે. સ્કંધના જણાવ્યા અનુસાર, પહાડી વિસ્તારોમાં તેજ પવન ફૂંકાઈ શકે છે, અને ૧૯થી ૨૪ જૂન સુધી છૂટોછવાયો વરસાદ ચાલુ રહી શકે છે.

વાવાઝોડા-વરસાદનું એલર્ટ (૧૯-૨૨ જૂન): પઠાણકોટ, હોશિયારપુર, મુક્તસર, ભટિંડા સહિત પંજાબના જિલ્લાઓમાં હવામાન વિભાગે ગાજવીજ સાથે વરસાદનું એલર્ટ જાહેર કર્યું છે. પૂર્વાનુમાન મુજબ, છૂટાછવાયા વરસાદનો આ રાઉન્ડ ૨૨ જૂન સુધી ચાલુ રહેશે. આ દરમિયાન ૪૦થી ૬૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તેજ પવન ફૂંકાઈ શકે છે. વાવાઝોડા-વરસાદનું એલર્ટ (૧૯-૨૨ જૂન): હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ઓડિશામાં ૧૯ અને ૨૦ જૂને વરસાદ પડી શકે છે. ૧૯ જૂને ૭૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે તેજ પવન ફૂંકાઈ શકે છે. જ્યારે ૨૦થી ૨૨ જૂન દરમિયાન પણ હળવો વરસાદ ચાલુ રહેશે. તેજ પવન સાથે વરસાદનું એલર્ટ (૧૯-૨૨ જૂન): કુપવાડા, પુંછ, પુલવામા, રાજૌરી સહિત જમ્મુ-કાશ્મીરના તમામ જિલ્લાઓમાં હવામાન વિભાગે આવતીકાલે એટલે કે ૧૯ જૂને ગાજવીજ સાથે તેજ પવન અને વરસાદનું યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાનનું આ યલો એલર્ટ તમામ જિલ્લાઓ માટે ૨૨ જૂન સુધી ચાલુ રહેશે. આ દરમિયાન કેટલાક વિસ્તારોમાં કરા પડવાની પણ સંભાવના છે.

### સોનું પણ ૧૮૨૯ રૂપિયા તૂટ્યું, રોકાણકારો નિરાશ

# ચાંદીની કિંમતોમાં એક ઝાટકે ૬૩૦૦થી વધુનો કડાકો થયો

**અમેરિકન શેરબજારમાં કડાકો અને ફેડ રેટની માહિતીને કારણે રોકાણકારો સાવચેત બન્યા છે**

નવી દિલ્હી, તા.૧૮

આજે કોમોડિટી માર્કેટમાં રોકાણકારો માટે એક ચિંતાજનક દિવસ રહ્યો છે, જેમાં કિંમતી ધાતુઓના ભાવમાં નોંધપાત્ર ઘટાડો જોવા મળ્યો છે. બજાર ખુલતાની સાથે જ સોના અને ચાંદી બંનેમાં વેચવાલીનું દબાણ જોવા મળ્યું હતું, જેને કારણે રોકાણકારોને મોટો ફટકો પડ્યો છે. ઉલ્લેખનીય છે કે અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ કરાર પર સત્તાવાર રીતે હસ્તાક્ષર પણ થઈ ગયા છે તેમ છતાં આજે સોના-ચાંદીની કિંમતો ઘટી છે. ગઈકાલે અમેરિકન શેરમાર્કેટમાં મોટો કડાકો નોંધાયો હતો અને આવનારી ફેડ રેટની માહિતીને કારણે પણ રોકાણકારો સાવચેત થઈ ગયા છે. સોનાના ભાવમાં આજે ૧૮૨૯ રૂપિયાનો મોટો કડાકો બોલાયો છે. સોનાનો ગત દિવસનો બંધ ભાવ (Prev. Close) ૧,૫૩,૮૭૯ રૂપિયા હતો, જેની સામે આજે બજાર ૧,૫૨,૩૦૬ રૂપિયાના ઓપન ભાવે ખુલ્યું હતું. ચાંદીના ભાવમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો છે. ચાંદીમાં કુલ ૬૩૦૭ રૂપિયાનો તોતિંગ ઘટાડો નોંધાયો છે. ચાંદીનો ગત દિવસનો બંધ ભાવ ૨,૫૧,૮૦૭ રૂપિયા હતો, જેની સામે આજે બજાર ૨,૪૮,૦૦૦ રૂપિયાના ઓપન ભાવે ખુલ્યું હતું.આ અચાનક આવેલા ઘટાડાને કારણે બજારમાં રોકાણકારોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. નિષ્ણાતોના મતે માર્કેટમાં હાલના વોલેટિલિટીના કારણે આ ઘટાડો જોવા મળ્યો છે. હવે આગામી દિવસોમાં ભાવ સ્થિર થશે કે વધુ ઘટશે તે જોવું રહ્યું.

### સોશિયલ મીડિયાના દાવાઓ પર BPCLનું નિવેદન

# શું E20 પેટ્રોલના કારણે ગાડીઓના ફ્યુઅલ ટેન્કમાં ચઢી રહી છે કીડીઓ?

**કંપનીએ તમામ અહેવાલોની તપાસ કરી છે અને તેમને સંપૂર્ણપણે ભ્રામક, પાયાવિહોણા અને વૈજ્ઞાનિક પુરાવા વિનાના ગણાવ્યા છે**

નવી દિલ્હી, તા.૧૮

છેલ્લા કેટલાક સમયથી, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર ઘણા વિડિઓઝ અને પોસ્ટ્સ વાયરલ થઈ રહ્યા છે, જેમાં વાહનોના ઈંધણ કેપ્સ પાસે કીડીઓ ભેગી થતી જોવા મળી રહી છે. લોકો ઓનલાઈન આને સીધા E20 પેટ્રોલ (૨૦% ઈથેનોલ મિશ્રિત પેટ્રોલ) સાથે જોડી રહ્યા છે. એવો દાવો કરવામાં આવી રહ્યો છે કે ઈથેનોલ શેરડીમાંથી બને છે, તેથી તેની મીઠાશ કીડીઓને આકર્ષિત કરી રહી છે. પેટ્રોલિયમ કંપની ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ (BPCL)એ આ બાબતની ગંભીર નોંધ લીધી છે અને સ્પષ્ટતા જાહેર કરી છે. ચાલો તમને જણાવીએ કે BPCL એ શું કહ્યું.BPCLએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર એક પોસ્ટ દ્વારા સ્પષ્ટતા જાહેર કરી છે. કંપનીએ સોશિયલ મીડિયા પર ફરતા તમામ અહેવાલોની તપાસ કરી છે અને તેમને સંપૂર્ણપણે ભ્રામક, પાયાવિહોણા અને વૈજ્ઞાનિક પુરાવા વિનાના ગણાવ્યા છે. કંપનીએ આ માટે ઘણા મજબૂત વૈજ્ઞાનિક કારણો આપ્યા છે. ઈંધણ તરીકે વપરાતું ઈથેનોલ એક જટિલ આથો અને નિસ્યંદન પ્રક્રિયામાંથી પસાર થાય છે. આ પ્રક્રિયાના અંતે, શેરડી અથવા અનાજમાંથી બધી મીઠાશ અને ખાંડનું પ્રમાણ સંપૂર્ણપણે દૂર થઈ જાય છે. અંતિમ ઉત્પાદન કીડીઓને આકર્ષિત કરી શકે તેવી કોઈપણ મીઠાશથી વંચિત હોય છે. ઈંધણ-ગ્રેડ ઈથેનોલમાં ખાસ ડિનાચ્યુરન્ટ્સ ઉમેરવામાં આવે છે. આ કીડીઓ અને જંતુઓને આકર્ષવાને બદલે ભગાડે છે.પેટ્રોલમાં ૨૦ ટકા ઈથેનોલ ઉમેરવામાં આવે ત્યારે પણ, પેટ્રોલ તેની કુદરતી હાઈડ્રોકાર્બન ગંધ (પેટ્રોલની તીવ્ર ગંધ) જાળવી રાખે છે. ઈથેનોલની હળવી ગંધ આ તીવ્ર ગંધથી ઢંકાઈ જાય છે. કીડીઓને પેટ્રોલની આ ગંધ બિલકુલ ગમતી નથી.સામાન્ય પેટ્રોલની તુલનામાં, ઈથેનોલ-મિશ્રિત પેટ્રોલ (E20)માં બળતણ વરાળ ઘણી ઓછી હોય છે, એટલે કે જ્યારે ઢાંકણ ખુલ્લું હોય ત્યારે ઓછું પેટ્રોલ બાષ્પીભવન થાય છે. જ્યારે ઢાંકણમાંથી કોઈ ગેસ અથવા વરાળ નીકળતું નથી, ત્યારે કીડીઓ અથવા અન્ય જંતુઓ ત્યાં ભેગા થતા નથી.BPCLએ સ્પષ્ટતા કરી છે કે E20 ઈંધણ અને કીડીઓના ઉપદ્રવ વચ્ચે કોઈ વૈજ્ઞાનિક જોડાણ નથી. ઘણીવાર, ગંદકી, ઢોળાયેલા ખોરાક અથવા ભેજને કારણે વાહનોના ઈંધણના ઢાંકણની નજીક કીડીઓ દેખાઈ શકે છે, જેને લોકો ભૂલથી પેટ્રોલ સાથે જોડી દે છે. તેથી, ચકાસણી વિના સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવતી આવી અફવાઓ પર ધ્યાન ન આપો.

### BCCI સચિવની મોટી જાહેરાત

# ૧૦ માર્ચથી શરૂ થઈ શકે છે IPL 2027 ફાઇનલ ૧૫ મેના રોજ થઈ શકે છે

**BCCIએ આ નિર્ણય એક ચોક્કસ કારણોસર લીધો છે, તો મેચની સંખ્યામાં કોઈ વધારો કરવામાં આવશે નહીં**

નવી દિલ્હી, તા.૧૮

IPL 2026 હજુ તો સમાપ્ત જ થઈ છે અને આગામી સીઝન એટલે કે IPL 2027 અંગે એક મોટું અપડેટ સામે આવ્યું છે. અહેવાલો અનુસાર, IPL 2027 થોડી વહેલી શરૂ થશે અને મેના મધ્ય સુધીમાં સમાપ્ત થશે. વધુમાં BCCI હાલમાં મેચોની સંખ્યા વધારવાનો વિચાર કરી રહ્યું નથી. BCCI મે મહિનામાં દેશના મોટાભાગના ભાગોમાં ભારે ગરમીથી બચવા માટે IPL આગામી વર્ષે ૧૦ માર્ચથી ૧૫ મે સુધી શેડ્યૂલ કરવાનું વિચારી રહ્યું છે. બોર્ડ સચિવ દેવજીત સૈકિયાએ તેમણે સ્પષ્ટતા કરી કે, વ્યસ્ત આંતરરાષ્ટ્રીય શેડ્યૂલને કારણે મેચોની સંખ્યા વધારવામાં આવશે નહીં.

IPL સામાન્ય રીતે માર્ચના છેલ્લા અઠવાડિયામાં શરૂ થાય છે અને મેના અંત સુધી ચાલે છે. સૈકિયાએ જણાવ્યું હતું કે IPL વહેલા શરૂ કરવાથી માત્ર ખેલાડીઓ જ નહીં પરંતુ દર્શકોને પણ ફાયદો થશે. બોર્ડ સેક્રેટરીએ જણાવ્યું હતું કે મે મહિનાના વધતા તાપમાને કારણે બે અઠવાડિયા વહેલા ટુર્નામેન્ટ શરૂ કરવાનો વિચાર કરવામાં આવી રહ્યો છે. તેમણે કહ્યું કે, માર્ચના અંત કરતાં થોડી વહેલી ટુર્નામેન્ટ શરૂ કરી શકીએ કે કેમ તે અંગે BCCI અને IPL ગવર્નિંગ કાઉન્સિલમાં ચર્ચા ચાલી રહી છે.

સૈકિયાએ વધુમાં જણાવ્યું કે, અમે આવતા વર્ષથી તેને વહેલા શરૂ કરવાનો પ્રયાસ કરીશું. મેં અમારા જનરલ મેનેજર પૂર્વ ફાસ્ટ બોલર એબે કુરુવિલાને એક શેડ્યૂલ તૈયાર કરવા સૂચના આપી છે, જે અમને ૧૦ માર્ચ સુધીમાં ટુર્નામેન્ટ શરૂ કરવાની અને ૧૫ મે સુધીમાં તેને પૂર્ણ કરી શકાય.

દેવજીત સૈકિયાએ વધુમાં જણાવ્યું હતું કે IPL 2027માં મેચોની સંખ્યામાં વધારો કરવામાં આવશે નહીં. તેમણે કહ્યું કે, મને ખબર નથી કે આગામી વર્ષોમાં પરિસ્થિતિ શું હશે, પરંતુ હાલ માટે મને મેચોની સંખ્યા ૭૪થી વધારીને ૯૪ કરવાની કોઈ શક્યતા દેખાતી નથી, કારણ કે આમ કરવા માટે માત્ર ભારતના જ નહીં પરંતુ અન્ય ICC સંલગ્ન ક્રિકેટ દેશો ખાસ કરીને ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, ન્યુઝીલેન્ડ, દક્ષિણ આફ્રિકા અને વેસ્ટ ઈન્ડિઝના ખેલાડીઓના હિતોને ધ્યાનમાં લેવા પડશે.

### રોહિત પવારે કર્યો મોટો દાવો

# શિવસેના UBTના દરેક સાંસદને ૧૧૦ કરોડમાં ખરીદવામાં આવ્યા

મુંબઈ, તા.૧૮

શિવસેના (UBT)માં બળવો કરનારા સાંસદોને લઈ રોહિત પવારે મોટો ખુલાસો કર્યો છે. એનસીપીના રોહિત પવારે ગુરુવારે દાવો કર્યો કે યૂબીટીના દરેક સાંસદને ૧૧૦ કરોડમાં ખરીદવામાં આવ્યા છે, જેમાંથી ૮૫ કરોડ રોકડા અને ફંડથી ૨૫ કરોડ આપવાના છે. તેમણે કહ્યું કે, ભાજપનો ઉદ્દેશ્ય પરિસીમન બિલ લાવવાનો છે અને તેના કારણે તમામ સાંસદોને ખરીદવામાં આવી રહ્યા છે. આ ઓપરેશન ટાઈગર નહીં પણ આ ઓપરેશન બજાર છે. રોહિત પવારે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, ભાજપ બે ભાગમાં વહેંચાઈ ગઈ છે. દિલ્હીવાળા એકનાથ શિંદેને મજબૂત કરી રહ્યા છે. ઓપરેશન તુતારી કોઈ પણ કિંમત નહીં હોય. અમારા તમામ ૮ લોકસભા સાંસદ અમારી સાથે છે. જો કોઈ ગયું તો પણ અમે એટલે કે જનતા તેમને જોઈ લેશે.બીજી તરફ શિવસેના (ઉદ્ધવ બાલાસાહેબ ઠાકરે)ના નવ લોકસભા સાંસદોમાંથી છ ગુરુવારે નવી દિલ્હીમાં થયેલી તેમની સંસદીય બોર્ડની બેઠકમાં સામેલ થયા નહોતા, જેનાથી પાર્ટીમાં વિભાજનના સંકેત સ્પષ્ટ થઈ ગયા છે અને ગેરહાજર સાંસદો એકનાથ શિંદેના નેતૃત્વવાળી શિવસેનામાં સામેલ થવાની પ્રબળ સંભાવના વ્યક્ત થઈ ગઈ છે.

શિવસેના (UBT)ના સાંસદ અરવિંદ સાવંત, અનિલ દેસાઈ અને રાજાભાઉ વાજે બેઠકમાં સામેલ થયા હતા. પાર્ટીના એકમાત્ર રાજ્યસભા સાંસદ સંજય રાઉત પણ બેઠકમાં હતા. બાકીના છ સાંસદોની ગેરહાજરીએ પાર્ટીના સંસદીય બોર્ડમાં વિભાજનની લગભગ પુષ્ટિ કરી દીધી છે. બેઠકમાં સામેલ થનારા સાંસદ નાગેશ આષ્ટીકર, સંજય દેશમુખ અને સંજય જાધવ, સંજય દીના પાટિલ, ઓમપ્રકાશ રાજેનિંબાલકર અને ભાઉસાહેબ વાકચૌરે છે.સૂત્રો અનુસાર, શિંદે મંગળવાર મોડી રાતે દિલ્હી પહોંચ્યા અને બુધવારે મુંબઈ પરત ફર્યા. અવિભાજિત શિવસેનામાં ૨૦૨૨માં થયેલા વિભાજનના મુખ્ય સૂત્રધાર એકનાથ શિંદે હતા. તે વિભાજનના કારણે મહાવિકાસ અઘાડી સરકાર પડી ગઈ. સાવંત, દેસાઈ અને રાઉતે બુધવારે બિરસા સાથે મુલાકાત કરી તેમને કોઈ પણ ગેરકાનૂની પક્ષ-પલટાને રોકવાનો આગ્રહ કર્યો હતો.દેસાઈએ કહ્યું હતું, કાયદા અંતર્ગત બે-તૃતિયાંશ સાંસદોનું સમર્થન હોવા પર કોઈ પણ સમૂહ સીધા કોઈ અન્ય પાર્ટીમાં વિલય નથી કરી શકતા. કોઈ સમૂહ પાસે જરુરી બે-તૃતિયાંશ બહુમત હોવા પર ખાલી મૂળ રાજનીતિક દળનો વિલય થઈ શકે છે.

### કેન્દ્રીય મંત્રીએ આપ્યો જવાબ

# ક્રૂડ ઓઇલ સસ્તું થાય એટલે તરત જ સ્થાનિક બજારમાં ભાવ ઘટાડી શકાતા નથી

**સ્થિતિ સામાન્ય થતાં હજુ થોડો સમય લાગશે અને ત્યાં સુધી ભાવ ઘટાડો શક્ય નથી : સુરેશ ગોપી**

નવી દિલ્હી, તા.૧૮

વૈશ્વિક બજારમાં ક્રૂડ ઓઈલની કિંમતોમાં ઘટાડો થવા છતાં દેશમાં સામાન્ય જનતાને પેટ્રોલ-ડીઝલના ભાવમાં રાહત મળવાની આશા પર પાણી ફરી વળ્યું છે. કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ રાજ્ય મંત્રી સુરેશ ગોપીએ ગુરુવારે સ્પષ્ટ કર્યું હતું કે વૈશ્વિક સ્તરે ક્રૂડ ઓઈલ સસ્તું થવા છતાં ભારતમાં ઈંધણના ભાવ તાત્કાલિક ઘટશે નહીં. તેમણે આ પાછળ પશ્ચિમ એશિયાના સંકટ, ઓઈલ કંપનીઓને થયેલું મોટું નુકસાન અને લોજિસ્ટિક્સ પડકારોને મુખ્ય કારણ ગણાવ્યા છે.કેન્દ્રીય મંત્રીએ પત્રકારોને જણાવ્યું હતું કે આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલ સસ્તું થાય એટલે તરત જ સ્થાનિક બજારમાં ભાવ ઘટાડી શકાતા નથી, કારણ કે આ પ્રક્રિયામાં ઘણો સમય લાગે છે. સસ્તા દરે ખરીદાયેલું ક્રૂડ ઓઈલ ભારત પહોંચવામાં સમય લે છે. હાલમાં સ્ટ્રેટ ઓફ હોર્મુઝ દરિયાઈ માર્ગે જહાજોનો ભારે ટ્રાફિક હોવાથી સપ્લાય ચેઈન પ્રભાવિત થઈ છે. પરિણામે સ્થિતિ સામાન્ય થતાં હજુ થોડો સમય લાગશે અને ત્યાં સુધી ભાવ ઘટાડો શક્ય નથી. સુરેશ ગોપીએ એનર્જી માર્કેટની અસ્થિરતા અંગે વાત કરતાં કહ્યું કે ચાલુ વર્ષની શરૂઆતમાં પશ્ચિમ એશિયામાં સર્જાયેલા તણાવને કારણે ગ્લોબલ ઓઈલ માર્કેટમાં ભારે ઉતાર-ચઢાવ આવ્યો હતો. તે સમયે સામાન્ય જનતા પર મોંઘવારીનો બોજ ન પડે તે માટે ઓઈલ માર્કેટિંગ કંપનીઓએ(OMCs) નુકસાન વેઠીને પણ કિંમતો કાબૂમાં રાખી હતી.

આ દરમિયાન સરકાર અને ઓઈલ કંપનીઓએ આશરે રૂ.૧૨,૦૦૦ કરોડનું નુકસાન સહન કરવું પડ્યું છે. આ નુકસાનની ભરપાઈ કરવી પણ જરૂરી છે, કારણ કે કેન્દ્ર સરકાર અને તેલ કંપનીઓએ પણ આર્થિક રીતે ટકી રહેવું પડશે. આ સાથે જ તેમણે ટકોર કરી હતી કે ઈંધણના ઊંચા ભાવો દરમિયાન કોઈ પણ રાજ્ય સરકારે પોતાની ડ્યુટી ઘટાડીને ટેક્સની આવક જતી કરી નહોતી. બીજી તરફ વૈશ્વિક બજાર પર નજર કરીએ તો ગુરુવારે ક્રૂડ ઓઈલના ભાવમાં સારો એવો ઘટાડો નોંધાયો છે. આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૬૪% તૂટીને બેરલ દીઠ આશરે $78 પર ટ્રેડ થઈ રહ્યું હતું. જ્યારે અમેરિકન વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (WTI) ક્રૂડની કિંમતમાં પણ ૨%નો ઘટાડો જોવા મળ્યો હતો, જેના કારણે તેનો ભાવ ઘટીને બેરલ દીઠ લગભગ ઈ૭૫ પર આવી ગયો હતો. આમ છતાં, સ્થાનિક માર્કેટના સમીકરણો અને આંતરિક લોજિસ્ટિક્સ ફેક્ટર્સને કારણે ભારતીય ગ્રાહકોએ સસ્તા પેટ્રોલ-ડીઝલ માટે હજુ રાહ જોવી પડશે.

### MoU પર રાષ્ટ્ર પ્રમુખ ટ્રમ્પ અને પેઝેશ્કિયાને કરી સહી

# યુદ્ધનો અંત! અમેરિકા-ઈરાન વચ્ચે શાંતિ કરાર કરવામાં આવ્યો

**રાષ્ટ્ર પ્રમુખ ટ્રમ્પે ફ્રાન્સના પેલેસ ઓફ વર્સેલ્સમાં મેક્રોન સાથે ડિનર દરમિયાન અમેરિકા-ઈરાન એગ્રીમેન્ટની હાર્ડ કોપી પર પણ સત્તાવાર રીતે હસ્તાક્ષર કરી દીધા**

વૉશિંગ્ટન, તા.૧૮

આખરે અમેરિકા અને ઈરાન યુદ્ધનો અંત આવી આવી ગયો છે. અમેરિકન રાષ્ટ્ર પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ અને ઈરાનના રાષ્ટ્ર પ્રમુખ મસૂદ પેઝેશ્કિયાન બંને દેશો વચ્ચે છેલ્લા કેટલાય મહિનાઓથી ચાલી રહેલા યુદ્ધને ખતમ કરવા માટે MoU પર ઔપચારિક રીતે હસ્તાક્ષર કરી દીધા છે. અમેરિકન અને ઈરાની અધિકારીઓના જણાવ્યા અનુસાર, બંને દેશોના રાષ્ટ્ર પ્રમુખોએ બુધવારે આ એમઓયુ પર સાઈન કર્યા. આ કરાર તાત્કાલિક અસરથી લાગુ થઈ ગયો છે.અમેરિકન અધિકારીના જણાવ્યા મુજબ, રાષ્ટ્ર પ્રમુખ ટ્રમ્પે ફ્રાન્સના પેલેસ ઓફ વર્સેલ્સમાં મેક્રોન સાથે ડિનર દરમિયાન અમેરિકા-ઈરાન એગ્રીમેન્ટની હાર્ડ કોપી પર પણ સત્તાવાર રીતે હસ્તાક્ષર કરી દીધા. સાઈન કરવામાં આવેલી એગ્રીમેન્ટની કોપી ઈરાન અને મધ્યસ્થતા કરાવી રહેલા દેશોને મોકલી દેવામાં આવી છે. આ પહેલા રવિવારે અમેરિકન ઉપરાષ્ટ્ર પ્રમુખ જેડી વેન્સ અને ઈરાનના મુખ્ય વાર્તાકાર મોહમ્મદ બાકેર ગાલિબાફે એમઓયુ પર ઈલેક્ટ્રોનિક રીતે સાઈન કર્યા હતા. અમેરિકન અધિકારીઓનું કહેવું છે કે એમઓયુ પર સાઈન થવાથી બંને દેશો વચ્ચે આશરે ચાર મહિનાથી ચાલી રહેલો સંઘર્ષ ખતમ થઈ ગયો છે.જો કે, શુક્રવારે બંને દેશોના વાર્તા દફ્રોનું જિનીવામાં એકઠા થવાનો કાર્યક્રમ હજુ પણ નક્કી છે. ઈરાની અધિકારીઓએ જણાવ્યું કે શુક્રવારે સ્વિટ્ઝર્લેન્ડમાં યોજાનારી બેઠકનો ઉદ્દેશ્ય કરાર પર હસ્તાક્ષર કરવાનો નથી. સાથે જ, આ બેઠક વાસ્તવમાં થશે કે નહીં, તેના પર અંતિમ નિર્ણય આગામી થોડા કલાકોમાં લેવામાં આવે તેવી અપેક્ષા છે. પરંતુ આનાથી એવો પણ સંકેત મળે છે કે દસ્તાવેજ પર ડિજિટલ રીતે હસ્તાક્ષર થઈ ચૂક્યા છે તેથી સ્વિટ્ઝર્લેન્ડમાં આમને-સામને યોજાનારા હસ્તાક્ષર સમારોહનું આયોજન કરવામાં આવશે નહીં.પરંતુ આનાથી એવો પણ સંકેત મળે છે કે દસ્તાવેજ પર ડિજિટલ રીતે હસ્તાક્ષર થઈ ચૂક્યા છે તેથી સ્વિટ્ઝર્લેન્ડમાં આમને-સામને યોજાનારા હસ્તાક્ષર સમારોહનું આયોજન કરવામાં આવશે નહીં. ઈરાનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા ઈસ્માઈલ બઘાઈએ જણાવ્યું કે તેહરાનને પોતાના ક્રૂડનું વેચાણ કોઈપણ પરિવહન કે વીમા સંબંધિત પ્રતિબંધો વિના કરવાની મંજૂરી મળવી જોઈએ. તે વેચાણમાંથી થનારી આવક સુધી તેની સંપૂર્ણ પહોંચ હોવી જોઈએ.

### પત્રકારો, રાજકીય, સામાજિક આગેવાનોએ કરી રજુઆત

# અમરેલીથી વિસાવદર વચ્ચે બ્રોડગેજ રેલ્વે સુવિધા શરૂ કરવા માંગ

## જિલ્લા ભાજપ પ્રમુખ સમક્ષ લેખિત રજુઆત

અમરેલી,તા.૧૮

અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ સુવિધાની વ્યાજબી માંગ સાથે ધારી પત્રકાર સંઘ દ્વારા જનજાગૃતિ અભિયાન બાદ ઉચ્ચ રજુઆતો કરવામાં આવી છે ત્યારે અમરેલી જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે અતુલ કાનાણીને લેખિત મૌખિક રજુઆતો કરવામાં આવી હતી. જેના પ્રત્યુત્તરમાં જીલ્લા ભાજપ પ્રમુખે મિશન બ્રોડગેજને સંપુર્ણ વ્યાજબી ગણાવી લોકહિત માટે જે બિનરાજકીય મિશન ધારી પત્રકાર સંઘે શરૂ કરેલ છે તેને આવકારેલુ છે.



જીલ્લા ભાજપ પ્રમુખે જણાવ્યું હતું કે મારી લાગણી અને માંગણી હંમેશા ધારી – ચલાલા – વિસાવદરની મુસાફર જનતાની સાથે જોડાયેલી છે. અમરેલી થી વિસાવદર સુધી બ્રોડગેજ સુવિધા માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ, સાંસદ ભરતભાઈ સુતરીયાને યોગ્ય રજુઆત કરીને આગામી દિવસોમાં અમરેલી જિલ્લાના પાંચે પાંચ ધારાસભ્યોને સાથે રાખીને વડાપ્રધાન મોદી તેમજ રેલ્વે મંત્રીને રજુઆત કરવા માટે ધારી પત્રકાર સંઘની સાથે જશે. તેમજ આ વ્યાજબી માંગને સ્વિકારવામાં નહીં આવે તો એક વખત નહીં પરંતુ પાંચ વખત દિલ્હી જવું પડે તો હું સાથે આવવા તૈયાર છું.

વધુમાં તેઓએ જણાવ્યું હતું કે બ્રોડગેજ સુવિધાના કારણે લાખો લોકોને મોટા શહેરો સાથે કનેકટીવીટી મળશે, રોજગારની તક પણ ઉભી થશે, અમરેલી જીલ્લા સહીત આસપાસના વિસ્તારોમાં આવેલા ધાર્મિક સ્થળો તેમજ પ્રવાસન સ્થળોનો વિકાસ થશે.અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ સુવિધા મળી રહે એ માટે ના મિશનમાં હંમેશા ધારી પત્રકાર સંઘની સાથે છીએ અને સરકારનું ધ્યાન દોરવા માટે પુરતા પ્રયત્નો કરીશ તેવી ખાતરી આપી હતી.આ પ્રસંગે ધારી પત્રકાર સંઘના સહુપત્રકાર મિત્રો, અમરેલી બ્રોડગેજન પઆગેવાનો, માજી ધારાસભ્ય મનસુખભાઈ ભુવા, બજરંગ ગ્રુપના પ્રમુખ પરેશભાઈ પટ્ટણી, પાલીકા સદસ્ય ગૌતમભાઈ દાફડા, કાનાભાઈ, કનુભાઈ મારૂ, ગોરધનભાઈ ગેડીયા, દિનેશભાઈ માલવીયા પણ જોડાયા હતા.

**કૌશિકભાઈ વેકરીયા સાથે માત્ર ટેલીફોનીક સંપર્ક :** ધારી પત્રકાર સંઘ,અમરેલી બ્રોડગેજના રાજકીય આગેવાનો, ચલાલા શહેરના સામાજિક આગેવાનો સાથે અમરેલીથી વિસાવદર સુધી બ્રોડગેજ સુવિધા માટે મંત્રી કૌશિક વેકરીયાની મુલાકાતે આવેલ પ્રતિનિધિ મંડળની ભાવનગર ખાતેના કાર્યક્રમના કારણે કૌશિક વેકરીયા હાજર નથી રહી શકયા ન હતા. પરંતુ તેઓએ ટેલીફોનીક વાતચીત કરીને સમગ્ર વ્યાજબી માંગ વિશેની જાણકારી મેળવી હતી. અમરેલી થી વિસાવદર સુધી બ્રોડગેજ સુવિધા મંજુર કરવામાં આવે તે બાબતે મુખ્યમંત્રી ભુપેન્દ્ર ભાઈ પટેલ, રેલ્વે મંત્રી, ગુજરાત ભાજપ અધ્યક્ષ જગદીશ ભાઈ વિશ્વકર્મને રજુઆતો કરીશ. એ સાથે જ આવતા સપ્તાહમાં ધારી પત્રકાર સંઘ સાથે રજુઆતો કરવા આવેલા તમામ લોકોની સાથે મુલાકાત કરીને પુરતો સમય આપીશ તેમ મંત્રીએ જણાવ્યું હતું.


### ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ મુન્નાભાઈની માંગ

# બાબરા શહેરમાં અકસ્માતોની ઘટનાના નિરાકરણ માટે સ્પીડ બ્રેકર બનાવવા જરૂરી

## રાજયનાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને પત્ર પાઠવ્યો

બાબરા, તા.૧૮

બાબરા શહેરમાંથી પસાર થતા રાજકોટ – ભાવનગર – અમરેલી સ્ટેટ હાઈવે પર વધતા ટ્રાફિક અને વારંવાર સર્જાતા અકસ્માતોને ધ્યાનમાં રાખી બાબરા ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝના પ્રમુખ મુન્નાભાઈ મલકાણ દ્વારા ગુજરાતના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલને લેખિત રજુઆત કરવામાં આવી છે. રજુઆતમાં શહેરના અમરેલી રોડ સ્થિત નાના બસ સ્ટેશન નજીક તેમજ કરીયાણા ચોકડી વિસ્તારમાં તાત્કાલિક ધોરણે સ્પીડબ્રેકર (બમ્પ) બનાવવાની માંગ કરવામાં આવી છે.



રજુઆતમાં જણાવાયું છે કે બાબરા શહેરના મધ્યમાંથી પસાર થતો આ સ્ટેટ હાઈ–વે રાજકોટ અને ભાવનગરને જોડતો મહત્વનો માર્ગ હોવાથી અહીં દિવસભર ભારે વાહન વ્યવહાર રહે છે. રોડને અડીને સરકારી શાળાઓ, દવાખાનાઓ અને ધાર્મિક સ્થળો આવેલ હોવાથી વિદ્યાર્થીઓ, મહિલાઓ, વૃદ્ધો તેમજ સામાન્ય નાગરિકોની અવર જવર સતત રહે છે. જેના કારણે અનેક વખત અકસ્માતોના બનાવો સર્જાઈ લોકોના જીવ જોખમમાં મુકાય છે.

ખાસ કરીને નાના બસ સ્ટેશન નજીક આવેલી ગર્લ્સ સ્કૂલ અને તાપડીયા આશ્રમ વિસ્તારમાં ધાર્મિક કાર્યક્રમો તથા ઉત્સવો દરમિયાન મોટી સંખ્યામાં લોકો એકત્ર થતા હોવાથી અકસ્માતની સંભાવનાઓ વધુ રહેતી હોવાનું રજૂઆતમાં જણાવાયું છે. ઉપરાંત કરીયાણા ચોકડી પણ અકસ્માતપ્રવણ વિસ્તાર બની ગયો હોવાનું ધ્યાન દોરવામાં આવ્યું છે.

વધુમાં જણાવેલ છે કે, મુખ્યમંત્રીને રજૂઆત કરી શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં અંદાજે ૫ થી ૬ સ્પીડબ્રેકર તાત્કાલિક ધોરણે મંજૂર કરી માર્ગ અને મકાન વિભાગને જરૂરી સૂચનાઓ આપવા માંગ કરી છે. તેમણે જણાવ્યું હતું કે સમયસર યોગ્ય પગલાં લેવામાં આવશે તો અનેક નિર્દોષ લોકોના જીવ બચાવી શકાશે અને માર્ગ સલામતીમાં વધારો થશે.

આ રજુઆતની નકલો રાજયના કાયદા અને ઉર્જામંત્રી કૌશિકભાઈ વેકરીયા, અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, લાઠી – બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળ ાવીયા તેમજ માર્ગ અને મકાન વિભાગના ઉચ્ચ અધિકારીઓને પણ મોકલવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે.

બાબરા શહેરના નાગરિકો અને વેપારી વર્ગે પણ માર્ગ સલામતીના હિતમાં કરવામાં આવેલી આ રજૂઆતને આવકારી તંત્ર દ્વારા વહેલી તકે હકારાત્મક નિર્ણય લેવામાં આવે તેવી આશા વ્યક્ત કરી છે.

### રાષ્ટ્રીય અનુ.જાતિ આયોગ સુધી મામલો પહોંચ્યો

# ધારીના ગોપાલગ્રામનાં અનુ.જાતિ યુવક પર થયેલ હુમલાબાદ મૃત્ય કેસને લઈને રજુઆત

## સામાજિક કાર્યકર કાંતિલાલ પરમારની રજુઆત

અમદાવાદ, તા.૧૮

ધારી તાલુકાના ગોપાલગ્રામ ગામમાં અનુસૂચિત જાતિના યુવાન પર થયેલા જીવલેણ હુમલા અને સારવાર દરમિયાન થયેલા મૃત્યુના ગંભીર કેસમાં આરોપીઓની આજદિન સુધી ધરપકડ ન થતાં સામાજિક કાર્યકર પરમાર કાંતિલાલ ઉકાભાઈ દ્વારા રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગ (એનસીએસસી)ના અધ્યક્ષ કિશોરભાઈ મકવાણાને લેખિત રજૂઆત કરવામાં આવી છે.

રજુઆતમાં જણાવાયું છે કે તા.૧૭ એપ્રિલ, ૨૦૨૬ના રોજ પ્રેમજીભાઈ દુદાભાઈ રાઠોડના પુત્ર પર અસામાજિક તત્વો દ્વારા જીવલેણ હુમલો કરવામાં આવ્યો હતો. ગંભીર ઈજાઓને કારણે સારવાર દરમિયાન તા.૨૦ એપ્રિલ, ૨૦૨૬ના રોજ તેમનું દુઃખદ અવસાન થયું હતું.

આ બનાવ અંગે SC/ST (Prevention of Atrocities) Act સહિત અન્ય કાયદાકીય જોગવાઈઓ હેઠળ ગુનો નોંધાયો હોવા છતાં મુખ્ય આરોપીઓ હજુ સુધી પોલીસ પકડથી દૂર છે. પીડિત પરિવાર દ્વારા અનેક વખત પોલીસ અને જિલ્લા વહીવટી તંત્ર સમક્ષ રજૂઆતો કરવા છતાં અસરકારક કાર્યવાહી ન થતાં પરિવાર ભય અને અસુરક્ષાની સ્થિતિમાં જીવન જીવી રહ્યો હોવાનું રજૂઆતમાં જણાવાયું છે.

રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગને ભારતના બંધારણની કલમ ૩૩૮ હેઠળ પ્રાપ્ત સત્તાઓનો ઉપયોગ કરીને ગુજરાતના મુખ્ય સચિવ, પોલીસ મહાનિર્દેશક (DGP), અમરેલી જિલ્લા પોલીસ વડા તથા સંબંધિત તપાસ અધિકારી પાસેથી તાત્કાલિક અહેવાલ માંગવા, કેસની સીધી મોનીટરીંગ કરવા, મુખ્ય આરોપીઓની તાત્કાલિક ધરપકડ સુનિશ્ચિત કરવા, પીડિત પરિવારને કાયદેસર વળતર અને પુનર્વસનના લાભો અપાવવા, બેદરકાર અધિકારીઓ સામે વિભાગીય કાર્યવાહી કરવાની ભલામણ કરવા તેમજ પીડિત પરિવાર અને સાક્ષીઓને સુરક્ષા પૂરી પાડવા માંગ કરવામાં આવી છે.

વધુમાં જણાવેલ છે કે, જરૂરી જણાય તો આયોગની ટીમ દ્વારા સ્થળ મુલાકાત કરીને સમગ્ર ઘટનાની વાસ્તવિક પરિસ્થિતિની તપાસ કરવામાં આવે તેવી પણ રજૂઆત કરવામાં આવી છે.

સામાજિક કાર્યકર પરમાર કાંતિલાલ ઉકાભાઈએ જણાવ્યું હતું કે અનુસૂચિત જાતિના નાગરિકોને કાયદા દ્વારા મળતા અધિકારોનું સંપૂર્ણ રક્ષણ થાય અને પીડિત પરિવારને સમયસર ન્યાય મળે તે માટે રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગે તાત્કાલિક હસ્તક્ષેપ કરવો અત્યંત જરૂરી છે.

### તાજેતરમાં શ્રી કાનજી ભુટા બારોટ બોર્ડિંગ ખાતે

# અમરેલીમાં સૌરાષ્ટ્રનાં બારોટ સમાજનાં વિદ્યાથીઓનો સત્તરમો વિદ્યાથી સન્માન સમારોહ યોજાયો

## સમગ્ર સૌરાષ્ટ્રમાંથી ઉપસ્થિત રહેલા બારોટ સમાજના અગ્રણીઓ

અમરેલી, તા. ૧૮

તાજેતરમાં શ્રી કાનજી ભૂટા બારોટ બોર્ડિંગ, લીલીયા રોડ, લીલીયા બાયપાસ, દાદાભગવાન મંદિર પાસે, અમરેલી ખાતે બારોટ સમાજ ટ્રસ્ટ– અમરેલી દ્વારા સૌરાષ્ટ્રના ધો.૧૦,૧૨ અને સ્નાતક તેમજ ઉચ્ચ અભ્યાસમાં ઉચ્ચ ગુણાંકસહ ઉતિર્ણ થયેલા વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ યોજાયો હતો. આ વિદ્યાર્થીઓનું મોમેન્ટો આપીને બારોટ સમાજના અગ્રણીઓના વરદહસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. બાળમંદિરથી ધો. ૯ તેમજ ધો. ૧૧ સુધીના વિદ્યાર્થીઓને વિનામૂલ્યે ચોપડા તેમજ શિક્ષણ લગત કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.આ પ્રસંગે ટ્રસ્ટનાં પ્રમુખ નારણભાઈ લગધીરે સૌ મહેમાનોનું સ્વાગત કરીને જણાવ્યું હતું કે, ભણતરએ ત્રીજી આંખ છે. પહેલાનાં સમયમાં ગ્રામીણ સમાજ પોતાના ગામડાઓમાં પોતાનું આયખું પુરૂ કરી દેતા હતા. જયારે આજનો યુગ વિજ્ઞાન સાથે વિકાસની હરણફાળ ભરી રહ્યો છે. ત્યારે ભણતર અનિવાય બની જાય છે. આજે અમરેલી બારોટ સમાજના નાના એવા સમૂદાયમાં પણ સમગ્ર બારોટ સમાજના સહયોગથી શ્રી કાનજી ભૂટા બારોટ બોર્ડિંગનું ભવ્ય નિર્માણ કરી શકતા હોય તો તે ભણતરે આંખ ખોલી છે.પ્રમુખ લગધીરે ઉત્તરપ્રદેશના એક નાનકડા ગામનો દાખલો આપી ઉમેર્યુ હતું કે,માત્ર સિતેર ઘરના એક નાના એવા ગામમાં સુડતાલીસ આઈએએસ ઓફિસરો છે. જે માત્રને માત્ર ભણતરને જ આભારી છે. મોટાભાગના વહીવંચા બારોટ સમાજનો વ્યવસાય વંશ પરંપરાગત વહીઓનો છે. આજના ટેકનિકલયુગમાં પણ તે પુરાણી પધ્ધતિને જીવંત રાખી છે. જેનાથી પોતાના યજમાનોની વરસોજુની પેઢ ીઓના નામ જાણી શકાય છે. જે વહીવંચા બારોટજી પાસે જ છે. જે સમગ્ર બારોટ સમાજ માટે પણ ગૌરવપૂર્ણ બાબત છે.

આ તકે અમદાવાદ હાઈસ્કૂલનાં પ્રિન્સીપાલ ઘનશ્યામભાઈ દુદાણી, તેમજ ધારીના પ્રફૂલાબેન મનાતર, અમદાવાદના કિશોરીબેન બ્રહ્મભટે બારોટ સમાજ ટ્રસ્ટ–અમરેલીની ટીમને અભિનંદન આપીને શિક્ષણકાર્ય ઉપર ભાર મુકયો હતો. અમરેલી પોલીટેકનિકના અધિકારી હિતેષભાઈ રેણુકાએ શિક્ષણ વિના ઉધ્ધાર નથી તેમ જણાવી ઉમેર્યુ હતું કે, આજનો યુગ અભ્યાસનો જ છે. અભ્યાસ વગર ચાલે તેમ જ નથી.રાજુલાના મનિષભાઈ મનાતર, જુનાગઢના નિવૃત પીએસઆઈ જે.ડી. સોલંકી તેમજ ધારીના નિવૃત અધિક તાલુકા વિકાસ અધિકારી રાજેશભાઈ સોલંકી, બિલડીના બટુકભાઈ સોલંકી, મહુવાના રમેશભાઈ ક્રિષ્નાતર તેમજ ભાવનગર બારોટ સમાજના પ્રમુખ ગંભીરભાઈ રેણુકાએ ઉતિર્ણ વિદ્યાર્થીઓ સહ બારોટ સમાજ અમરેલીની ટીમને શુભેચ્છા પાઠવી હતી.આ તકે અમરેલી બારોટ સમાજના વિદ્યાર્થીઓ સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાંથી ધો. ૧૦,૧૨ અને સ્નાતક થયેલા વિદ્યાર્થીઓ તેમજ ઉચ્ચ અભ્યાસ કરેલા વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. તમામ વિદ્યાર્થીઓને જેતપુરના હરીભાઈ ટપુભાઈ વિભાણીએ કુલ રૂપિયા પાંચ હજારના રોકડ પુરસ્કાર આપેલ તેમજ ધારીના રાજેશભાઈ સોલંકીએ પ્રથમ આવેલ વિદ્યાર્થીઓને રોકડ પુરસ્કાર આપેલ હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા અમરેલી બારોટ સમાજ ટ્રસ્ટની સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી હતી. જેમાં સમગ્ર કાર્યક્રમની વ્યવસ્થા અમૃતલાલ સોનરાત તેમજ વિરેન્દ્રભાઈ રેણુકાએ સંભાળી હતી.

કાર્યક્રમ પ્રારંભે ચંદુલાલ પાલનપુરાએ માતાજીની સ્તુતિ કરીને સૌ મહેમાનોને આવકાર્યા હતા. કુ.ઉર્વશી બારોટ તેમજ ચંદ્રકાન્ત બારોટે સુંદર ભાવગીત અને દુહા–છંદ રજૂ કર્યા હતા.

આ પ્રસંગે બારોટ સમાજના ભાઈ–બહેનો અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન અમિતભાઈ સુખડીયાએ કર્યુ હતું. જયારે અંતમાં આભારવિધિ ગીરીશભાઈ ઘેલાણીએ કરી હતી.

### સંવેદનશીલ મુખ્યમંત્રી માટે વીજ વિભાગે સંવેદના ન બતાવી

# બગસરાની વીજ કચેરીએ મુખ્યમંત્રીનાં ઓનલાઈન કાર્યક્રમ વખતે જ લાઈટ કાપી નાખી

## પીજીવીસીએલ વિભાગની બેદરકારી સામે રોષ

બગસરા, તા. ૧૮

રાજયનાં મુખ્યમંત્રી શાળા પ્રવેશોત્સવ પૂર્વે રાજયના તમામ શાળઓમાં બાયસેગના માધ્યમથી સંબોધિત કરવાના હતા તેવા સમયે બગસરા પીજીવીસીએલ ધ્વારા લાઈટ કાપ કરી વીજ કચેરીને મુખ્યમંત્રીના કાર્યક્રમ પ્રત્યે કેટલી સંવેદનશીલતા છે તેનું ઉદાહરણ રજુ કર્યુ હતું.

મળેલ વિગતો મુજબ બગસરા પીજીવીસીએલની ગંભીર બેદરકારીને કારણે સરકારના એક મહત્વપૂર્ણ કાર્યક્રમ પર પાણી ફરી વળ્યું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ધ્વારા "શાળા પ્રવેશોત્સવ" અંતર્ગત ગત તારીખ ૧૭ના રોજ ગુજરાત રાજયની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને એક વિશેષ લાઈવ સંબોધન કરવાનો મહત્વપૂર્ણ કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. જોકે, ઉનાળાની કાળ ઝાળ ગરમીને ધ્યાને રાખી હાલમાં સમગ્ર રાજયમાં શાળાઓનો સમય સવારનો છે. આથી તમામ શાળાઓમાં બાળકો, શિક્ષકો, એસ.એમ.સી. સભ્યો તથા વાલીઓ આ પ્રેરણાદાયી પ્રસારણ જોઈ શકે તે માટે સમગ્ર રાજયમાં આ લાઈવ પ્રસારણનું પુન : પ્રસારણ તારીખ ૧૮ના રોજ સવારે નિહાળ વા માટે શિક્ષણ વિભાગ ધ્વારા સત્તાવાર સુચના આપવામાં આવી હતી. પરંતુ સ્થાનિક સ્તરે બેઠેલા પીજીવીસીએલના જવાબદાર અધિકારીઓને સરકારના આવા સંવેદનશીલ અને મહત્વકાંક્ષી કાર્યક્રમો પ્રત્યે જરાય ગંભીરતા ન હોય તેવું ચિત્ર બગસરામાં





સ્પષ્ટ પણે ઉપસી આવ્યું છે. બગસરા શહેરમાં સવારથી જ પીજીવીસીએલ ધ્વારા વીજ કાપ જીકી દેવામાં આવેલ હતો. જેને કારણે શાળાઓમાં આ પ્રસારણ નિહાળી શકાયું ન હતું અને શાળામાં બાળકો તથા વાલીઓ વીજળી આવવાની રાહ જોતા રહ્યા હતા. શિક્ષણ ક્ષેત્રે ક્રાંતિ લાવવા માટે સરકાર તેમજ સમગ્ર તંત્ર ચિંતિત છે, પરંતુ સ્થાનિક સ્તરે બેઠેલા પીજીવીસીએલના જવાબદાર અધિકારીઓને સરકારના આવા સંવેદનશીલ અને મહત્કાંક્ષી કાર્યક્રમો પ્રત્યે જરાય ગંભીરતા નથી. ભુતકાળમાં પણ આવા પ્રસારણો અને ઉનાળામાં પરીક્ષા સમયે આડેધડ વીજ કાપને કારણે બાળકો શેકાયા હતા. ભવિષ્યમાં આ દિશામાં યોગ્ય સંકલનથી કાર્ય થાય તેવી અપેક્ષા શિક્ષણ પ્રેમીઓમાં સેવાઈ રહી છે. આ અંગે તાલુકા શિક્ષણાધિકારી હીનાબેન ચાંવને પુછતાં તેઓએ જણાવ્યું કે, લાઈટ કાપનાં કારણે લાઈવ કાર્યક્રમ વિદ્યાર્થીઓનો બતાવી ન શકયા અને કાર્યક્રમ રદ કરવામાં આવ્યો હતો.

### જુનાગઢ કૃષિ યુનિવર્સિટી દ્વારા

# કુંકાવાવનાં તરઘરી અને અનિડા ગામે ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવ્યું

## ''ખેતી બચાવો અભિયાન'' અંતર્ગત કાર્યક્રમ યોજાયો

અમરેલી, તા. ૧૮

ખેતી બચાઓ અભિયાનએ ખેતીની જમીન, જમીનની ફળદ્રુપતા અને કુદરતી સંસાધનોના સંરક્ષણ માટે ચલાવવામાં આવતું જાગૃતિ અભિયાન છે. કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, અમરેલી ધ્વારા તા. ૧૭ જુન, ૨૦૨૬ના રોજ કુંકાવાવ તાલુકાના તરઘરી અને અનીડા ગામે કેવીકેના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા ડો. મિનાક્ષી કે. બારીયાનાં માર્ગદર્શન હેઠળ ખેત બચાઓ, ખેડૂત બચાઓ અને ભવિષ્ય બચાઓ આ સુત્ર સાથે તાલીમનું આયોજન કરાયું. કેવીકેના વૈજ્ઞાનિક ડો. સ્વેતાબેન પટેલ ધ્વારા ખેતીની જમીનને બિન–કૃષિ ઉપયોગમાં જતી અટકાવવા જાગૃતિ કેળવવી તથા ખાતર અને પાણીનો કાર્યક્ષમ ઉપયોગ કરવો તથા ચોમાસું પાકો જેવા કે, મગફળી



અને કપાસમાં દેશી ખાતરોનો ઉપયોગ વધારવો જેથી માટીનું સ્વાસ્થ સુધરે અને પર્યાવરણનું સંરક્ષણ થાય એ વિશે ચર્ચા કરી. આ અભિયાન અંતર્ગત જમીન અને પાણીના પૃથ્થકરણ વિશે પણ માહિતી આપવામાં આવી. કેવીકેના વૈજ્ઞાનિક ડો. નેહાબેન તિવારી ધ્વારા સંતુલિત અને સંકલિત ખાતરનો ઉપયોગ કરવા તથા પ્રાકૃતિક ખેતી અપનાવવા તથા પ્રાકૃતિક ખેતી કરીને મૂલ્યવર્ધન દ્વારા આવક બમણી કરવાવિશે વાત કરી. આ ઉપરાંત જુનાગઢ કૃષિ યુનિવર્સિટીના જૈવિક ઉત્પાદનનાં વેચાણ જેવા કે ગીર સાવજ ટ્રાયકોડમાં એક લાભદાયક ફુગ જે જમીન જન્ય રોગ માટે ઉપયોગી છે અને બ્યુવેરીયા જીવાણું જન્ય ફુગ જે જૈવિક જીવાત નિયંત્રણ માટે ઉપયોગી છે તે અંગે ખેડૂતોને સમજાવ્યું.

### અમેરિકા-ઇરાન MoU ના તમામ ૧૪ મુખ્ય મુદ્દાઓ નક્કી કરાયા

# અમેરિકા-ઇરાન વચ્ચે ઐતિહાસિક ડીલ: ૬૦ દિવસ હોર્મુઝ ટોલ-ફ્રી

## આ કરાર પર હસ્તાક્ષર થતાં જ અમેરિકા ઇરાન સામેની નૌકાબંધી અને અન્ય અવરોધો હટાવવાનું શરૂ કરશે

નવી દિલ્હી, તા.૧૮

અમેરિકા અને ઈરાન વચ્ચે લાંબા સમયથી ચાલી રહેલા સૈન્ય તણાવ અને યુદ્ધની સ્થિતિ પર આખરે પૂર્ણવિરામ મુકાવા જઈ રહ્યું છે. બંને દેશો વચ્ચે થયેલી આ સમજૂતીના ડ્રાફ્ટને સત્તાવાર રીતે સાર્વજનિક કરવામાં આવ્યો છે. અમેરિકન સરકારના વરિષ્ઠ અધિકારીના જણાવ્યા મુજબ, આ ૧૪ પોઈન્ટના કરારમાં ઈરાન પરથી આર્થિક પ્રતિબંધો હટાવવા અને વૈશ્વિક સપ્લાય ચેઈનને પુનઃજીવિત કરવા માટેના ક્રાંતિકારી નિર્ણયો લેવામાં આવ્યા છે. 1) સૈન્ય કાર્યવાહીનો તત્કાલ અંત: બંને દેશો તમામ મોરચે પોતાની સૈન્ય પ્રવૃત્તિઓનો તાત્કાલિક અને કાયમી ધોરણે અંત લાવશે. ભવિષ્યમાં એકબીજા સામે કોઈ યુદ્ધ કે સૈન્ય અભિયાન શરૂ કરવામાં નહીં આવે. આ સાથે લેબેનાનની પ્રાદેશિક અખંડિતતા અને સાર્વભૌમત્વનું સન્માન કરવામાં આવશે. 2) આંતરિક બાબતોમાં હસ્તક્ષેપ નહીં: અમેરિકા અને ઈરાન એકબીજાની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનો સ્વીકાર કરશે અને કોઈ પણ દેશ એકબીજાની આંતરિક બાબતોમાં દખલગીરી કરશે નહીં. 3) 60 દિવસની સમયમર્યાદા: બંને દેશો આગામી 60 દિવસની અંદર પરસ્પર વાતચીત દ્વારા આખરી કરાર પૂર્ણ કરવા માટે કટિબદ્ધ છે. બંને પક્ષોની સંમતિથી આ સમયગાળો વધારી પણ શકાશે. 4) નાકાબંધી હટાવવી: આ કરાર પર હસ્તાક્ષર થતાં જ અમેરિકા ઈરાન સામેની નૌકાબંધી અને અન્ય અવરોધો હટાવવાનું શરૂ કરશે અને 30 દિવસમાં નાકાબંધી સંપૂર્ણપણે ખતમ કરી દેવાશે, જેથી ઈરાન પોતાના જહાજોની અવરજવર યુદ્ધ પૂર્વેના સ્તરે લાવી શકશે. 5) હોર્મુઝની ખાડી 60 દિવસ માટે 'ટોલ ફ્રી': અમેરિકા કરારના 30 દિવસમાં ઈરાનની નજીકના વિસ્તારોમાંથી પોતાના સૈન્ય બળોને પાછા ખેંચશે. બદલામાં ઈરાન પર્શિયન ખાડીથી ઓમાન સાગર સુધીના તમામ કોમર્શિયલ જહાજો માટે 60 દિવસ સુધી 'મફત અને સુરક્ષિત' માર્ગ આપશે. ઈરાન આ અંગે ઓમાન સાથે પણ અવિરત દરિયાઈ સેવાઓ માટે ચર્ચા કરશે. 6) 300 અબજ ડૉલરનું આર્થિક પેકેજ: અમેરિકા પોતાના પ્રાદેશિક સહયોગીઓ સાથે મળીને ઈરાનના પુનર્વસન અને આર્થિક વિકાસ માટે એક ભવ્ય રોડમેપ તૈયાર કરશે. આ યોજના હેઠળ અમેરિકા ઓછામાં ઓછી 300 અબજ ડૉલરની ફંડિંગ (આર્થિક સહાય) સુનિશ્ચિત કરશે, જેને લાગુ કરવાનો પ્લાન 60દિવસમાં તૈયાર થશે. 7) તમામ પ્રતિબંધોમાંથી મુક્તિ: અમેરિકા ઈરાન પર લાદવામાં આવેલા તમામ પ્રકારના પ્રતિબંધો હટાવવાનું વચન આપે છે. જેમાં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ (UNSC), IAEA બોર્ડ ઓફ ગવર્નર્સના પ્રસ્તાવો અને અમેરિકા દ્વારા લાદવામાં આવેલા તમામ પ્રાથમિક અને સેકન્ડરી પ્રતિબંધોનો સમાવેશ થાય છે. 8) પ્રતિબંધો હટાવવા તાકીદની બેઠક: બંને દેશો સ્વીકારે છે કે પ્રતિબંધો નાબૂદ કરવાનો મુદ્દો અત્યંત સંવેદનશીલ અને મહત્વનો છે, તેથી આ વિષય પર તાત્કાલિક ગંભીર ચર્ચા શરૂ કરવામાં આવશે. 9) પરમાણુ હથિયાર ન બનાવવાની ખાતરી: ઈરાન સત્તાવાર પુષ્ટિ કરે છે કે તે ભવિષ્યમાં ક્યારેય પરમાણુ હથિયાર બનાવશે નહીં. ઈરાન પાસે હાલમાં ઉપલબ્ધ સંવર્ધિત

ઉત્તર ગુજરાતના આશરે ૩૦૦થી વધુ તળાવો ભરવા પણ મુખ્યમંત્રીશ્રીએ સૂચના આપી છે. કૃષિ ક્ષેત્રની સજ્જતા અંગે મંત્રીએ જણાવ્યું કે, ખરીફ-૨૦૨૬ માટે રાજ્યમાં બિયારણ અને ખાતરનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે. કૃષિ વિભાગે અલ-નીનોની સંભવિત પરિસ્થિતિમાં ખેડૂતોને માર્ગદર્શન પૂરું પાડવા માટે 'આકસ્મિક પાક આયોજન' તૈયાર કર્યા છે. જેમાં, વૈજ્ઞાનિક સલાહ અને વૈકલ્પિક ટૂંકા ગાળાના તથા ઓછા પાણીએ પાકતા પાકોની વિગતો ખેડૂતો માટે ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

આ ઉપરાંત કૃષિ વિભાગ સેટેલાઈટ દ્વારા જમીનના ભેજ અને પાકના સ્વાસ્થ્ય પર નજર રાખી રહી છે અને AI ડ્રિવન કૃષિ પ્રગતિના માધ્યમથી ૫૦ લાખથી વધુ ખેડૂતોને સીધા મોબાઈલ પર લાઈવ હવામાન અને કૃષિ સલાહના જીસ્જી મોકલવામાં આવી રહ્યા છે.

જગતના તાતની સાથે રાજ્યના પશુધનની સુરક્ષા પણ સરકારની અગ્રતા છે. મંત્રીશ્રીએ ઉમેર્યું કે, સંભવિત અલ-નીનોની સ્થિતિમાં પશુઓને ઘાસચારાની તંગી ન વર્તાય તે માટે વન વિભાગ અને પશુપાલન વિભાગને પૂરતા પ્રમાણમાં ઘાસચારાની આગોતરી વ્યવસ્થા અને બફર સ્ટોક તૈયાર રાખવા સૂચના આપવામાં આવી છે. હાલમાં રાજ્ય સરકાર પાસે ૨ વર્ષ સુધી ચાલે એટલો ઘાસચારાનો બફર સ્ટોક ઉપલબ્ધ છે. મુખ્યમંત્રીએ મહેસૂલ વિભાગને તમામ જિલ્લા વહીવટી તંત્રો અને કલેક્ટરો સાથે સતત સંપર્કમાં રહીને પરિસ્થિતિ પર ૨૪૮૭ નજર રાખવા અને સંપૂર્ણ સતર્ક રહેવા જણાવ્યું છે. વર્ષ ૨૦૦૦ થી ૨૦૨૬ દરમિયાન રાજ્યમાં કુલ ૮ ખરીફ અલ-નીનો વર્ષ નોંધાયા છે. ભૂતકાળના ડેટા દર્શાવે છે કે દરેક અલ-નીનો વર્ષ નબળું નથી હોતું. વર્ષ ૨૦૦૬ અને ૨૦૨૩માં અત્યંત તીવ્ર અલ-નીનો હોવા છતાં ગુજરાતમાં ૧૧૭% વરસાદ નોંધાયો હતો. જેથી, ખેડૂતોએ કે પ્રજાએ ચિંતા કરવાની કે ભ્રામક અફવાઓથી ડરવાની જરૂર નથી. નાગરિકોએ સરકારના નિર્દેશોનું પાલન કરવા જીતુ વાઘાણીએ જણાવ્યું હતું.

મંત્રી જીતુ વાઘાણીએ ઉમેર્યું કે, મુખ્યમંત્રીના સક્ષમ નેતૃત્વ હેઠળ સમગ્ર વહીવટી તંત્ર, વિવિધ વિભાગો અને કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો પરસ્પર સંકલન સાથે સતત કાર્યરત છે. રાજ્ય સરકારની સજ્જતા અડગ છે અને દરેક પરિસ્થિતિમાં ગુજરાતના નાગરિકો અને ખેડૂતોના હિતોનું રક્ષણ કરવા સરકાર કટિબદ્ધ છે.

# સુરત : "સ્નેહ, સેવા અને સંસ્કારના ત્રિવેણી સંગમ સાથે તળાવિયા પરિવારનું ૧૦મું સ્નેહમિલન યોજાયુ"






સુરત : તળાવિયા પરિવારના ૧૦મા સ્નેહમિલન સમારોહનું આયોજન ભવ્યતા, ઉત્સાહ અને પારિવારિક એકતાના વાતાવરણ વચ્ચે સફળતાપૂર્વક સંપન્ન થયું હતું. પરિવારના વડીલો, યુવાનો, મહિલાઓ અને બાળકો સહિત ૩૫૦૦થી વધુ સંખ્યામાં પરિવારજનોની ઉપસ્થિતિએ સમગ્ર કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો. કાર્યક્રમની શરૂઆત આમંત્રિત મહાનુભાવો દ્વારા દીપપ્રાગટય કરીને કરવામાં આવી હતી. ત્યારબાદ તળાવિયા પરિવારના અગ્રણી યુવા સામાજિક કાર્યકર વિપુલભાઈ તળાવિયા દ્વારા પોતાની લાક્ષણિક અને પ્રેરણાદાયી શૈલીમાં ઉપસ્થિત તમામ મહેમાનો અને પરિવારજનોનું શાબ્દિક સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજયના કાયદા અને ઊર્જા મંત્રી કૌશિકભાઈ વેકરિયા, લાઠી–બાબરા–દામનગરના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, યુવા મોરચા સુરત મહાનગરના અધ્યક્ષ બીપીનભાઈ વી. તળાવિયા તથા સંઘના પ્રખર કાર્યકર્તા વિવેકભાઈ તળાવિયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમના માર્ગદર્શન અને શુભેચ્છા સંબોધનથી કાર્યક્રમને વિશેષ ગૌરવ પ્રાપ્ત થયું હતું. માનવતા અને પરિવાર પ્રેમનું અનોખું ઉદાહરણ સમારોહ દરમિયાન પરિવારના અગ્રણી દાતા અને સમાજસેવક જયસુખભાઈ જેરામભાઈ (જે.જે. ગ્રુપ) દ્વારા અત્યંત સંવેદનશીલ અને પ્રેરણાદાયી જાહેરાત કરવામાં આવી હતી. તેમણે જણાવ્યું હતું કે તળાવિયા પરિવારની એવી દીકરીઓ કે જેમણે પોતાના પિતાનું છત્ર ગુમાવ્યું હોય, તેમના લગ્નની સંપૂર્ણ જવાબદારી પરિવારે ઉપાડવા આહવાન કર્યુ હતું. તેમજ જે.જે. એ પોતાના શિરે બે દીકરીઓની જવાબદારી ઉપાડવાની જાહેરાત કરી હતી. તેમની આ જાહેરાતને ઉપસ્થિત પરિવારજનોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી લીધી હતી. પરિવારની દીકરીઓ પ્રત્યેનો આ લાગણીસભર અભિગમ માત્ર આર્થિક સહાય નહીં પરંતુ પરિવારની એકતા, જવાબદારી અને સંસ્કારનું જીવંત ઉદાહરણ બની રહ્યો છે. આ નિર્ણયે સમગ્ર સ્નેહમિલન સમારોહમાં ભાવુક વાતાવરણ સર્જ્યું હતું અને સૈના હૃદયને સ્પર્શી ગયા હતા. 'પરિવારની દીકરી માત્ર એક ઘરની નહીં, સમગ્ર પરિવારની જવાબદારી છે' – આ ભાવનાને જયસુખભાઈ જેરામભાઈ (જે.જે.) એ પોતાના કાર્ય દ્વારા સાચા અર્થમાં જીવંત બનાવી હતી. સમારોહ દરમિયાન પરિવાર અને સમાજ ક્ષેત્રે નોંધપાત્ર યોગદાન આપનાર મહાનુભાવોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. જેમાં કૌશિકભાઈ વેકરિયા, જનકભાઈ તળાવિયા, બીપીનભાઈ તળાવિયા અને વિવેકભાઈ તળાવિયાનું સન્માન કરવામાં આવ્યું હતું. ઉપરાંત પરિવારના ગૌરવરૂપ એવા ડોકટરો, એન્જિનિયરો, વિવિધ મલ્ટીનેશનલ કંપનીઓમાં ઉચ્ચ હોદ્દા પર કાર્યરત પરિવારજનો તેમજ સામાજિક, શૈક્ષણિક અને સેવાકીય ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી એવોર્ડ મેળવનાર પરિવારના રત્નોનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય દાતાઓ તરીકે જયસુખભાઈ જેરામભાઈ (જે.જે. ગ્રુપ), સુરેશભાઈ (પેરેડાઈઝ), પરેશભાઈ પુનાભાઈ (કાચરડી), ચિરાગભાઈ કિશોરભાઈ (આંબરડી), વાઘજીભાઈ ભાદાભાઈ (આંબરડી), ગોરધનભાઈ (કાચરડી), વિશાલભાઈ જયસુખભાઈ (જે.જે. ગ્રુપ), ઝીલ જનકભાઈ (મોનાર્ક) સંજયભાઈ, બીપીનભાઈ તથા વિપુલભાઈ તળાવિયા (મ્યુઝિક પટારો) સહિત વિવિધ દાતાઓનું પરિવાર તરફથી વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. સ્નેહમિલન સમારોહ માત્ર મનોરંજન અને મિલનનો કાર્યક્રમ ન બની રહે, પરંતુ સમાજ ઉપયોગી સંદેશો પણ પહોંચે તે હેતુથી વિવિધ જનજાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. જીવનદીપ ઓર્ગન ડોનેશન ફાઉન્ડેશન દ્વારા ઉપસ્થિત પરિવારજનોને 'પ્લેજફોર ઓર્ગન ડોનેશન' અંતર્ગત અંગદાન અંગે જાગૃતિ અપાઈ હતી તેમજ સૌને અંગદાન માટે શપથ લેવડાવવામાં આવ્યા હતા. આ ઉપરાંત સેવા સંગઠન ટ્રસ્ટ દ્વારા જરૂરિયાતમંદ અને સંકટગ્રસ્ત પરિવારોને પડખે ઊભા રહેવા માટે શરૂ કરાયેલી અનોખી પહેલ અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું અને નવા સભ્યોને જોડાવા માટે અપીલ કરવામાં આવી હતી. સાથે જ પી.પી. સવાણી હોસ્પિટલ દ્વારા ચલાવવામાં આવતી વિનામૂલ્ય મોતિયાની સર્જરી, રાહતદરે ઉપલબ્ધ આરોગ્ય સેવાઓ તેમજ વિવિધ વિનામૂલ્યે અને સહાય ભાવે ચાલતા વિભાગોની માહિતી પણ ઉપસ્થિતોને આપવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ભોજન સમિતિ, દાન–ભેટ સમિતિ, જનરલ વ્યવસ્થા સમિતિ, બેઠક વ્યવસ્થા સમિતિ, સરબત સમિતિ, પાર્કિંગ સમિતિ, બાળવાટિકા સમિતિ, ઈનામ–ચોપડા વિતરણ સમિતિ, સ્વાગત સમિતિ, સ્ટેજ વ્યવસ્થા સમિતિ સહિત તમામ સમિતિઓના સભ્યોએ નિષ્ઠાપૂર્વક સેવા આપી હતી. સમારોહના આયોજન અને સફળ સંચાલનમાં પ્રમુખ પરેશભાઈ પુનાભાઈ (કાચરડી), ઉપ પ્રમુખ જયસુખભાઈ જેરામભાઈ (જે.જે. ગ્રુપ), મુખ્ય કોર કમિટીના વિપુલભાઈ તળાવિયા (પી.પી. સવાણી), સંજયભાઈ તળાવિયા (મ્યુઝિક પટારો), બીપીનભાઈ તળાવિયા (ટાઈગરફોર્સ) અને મુખ્ય યુવા કોર કમિટીના તમામ સભ્યોના અથાગ પરિશ્રમથી સમગ્ર કાર્યક્રમ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. અંતે પરિવારના વડીલો અને આગેવાનોએ તળાવિયા પરિવારની એકતા, સંસ્કાર અને ભાઈચારાની ભાવનાને વધુ મજબૂત બનાવવા માટે સૌને સતત જોડાયેલા રહેવા અપીલ કરી હતી. ૧૦મા સ્નેહમિલન સમારોહે પરિવારની એકતા, પ્રગતિ અને સેવાભાવના મૂલ્યોને વધુ મજબૂત બનાવતા એક યાદગાર અપ્રયાયનું સર્જન કર્યુ હતું.


## ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ

નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.

ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...

જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યક્તિગત કરી આપવામાં આવશે.

વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.

શ્રીનાથજી કોમ્પ્યુટર્સ | ૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી | ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪


## અવસાન નોંધ

**બાબરા :** બાલમુકુંદજી ધરાઈ નિવાસી હાલ બાબરા ઔદિચ્ય ઝાલાવાડી બ્રાહ્મણ ગં. સ્વ. કુસુમબેન બળદેવભાઈ જોશી (ઉ.વ. ૬૮) તે સ્વ. બળદેવભાઈ જોશી (તલાટી મંત્રી) ના ધર્મપત્ની, ગિરિરાજભાઈ (શ્રી સરસ્વતી શિશુ મંદિર વલારડી) તથા ડો. રાહુલભાઈ (પ્રિન્સિપાલ રાણાવાવ સરકારી વિનયન કોલેજ) તથા તનિશાબેન જીગ્નેશભાઈ અધ્યારૂં રાજકોટના માતૃશ્રી તથા વંદનાબેન, રોહિણીબેન, જીગ્નેશભાઈ અધ્યારૂં (રાજકોટ)નાં સાસુ તેમજ પ્રેક્ષા, ધ્વનિ અને જેશીકાનાં દાદી તેમજ જેનીશા અને તીર્થનાં નાની તા. ૧૮/૬/૨૦૨૬ને ગુરૂવારના રોજ શ્રીજી ચરણ પામેલ છે. તેમનું બેસણું તા. ૨૨/૬/૨૦૨૬ને સોમવારનાં સવારે ૧૦થી સાંજે ૫ સુધી ધરાઈ મુકામે રાખેલ છે. તેમજ બાબરા મુકામે બેસણું તા. ૨૫/૬/૨૦૨૬ ગુરૂવાર સાંજે ૪ થી ૬ 'સ્નેહમુદ્રા' રામનગર સોસાયટી, રાજકોટ રોડ નિવાસ્થાને રાખેલ છે.

**અમરેલી :** અમરેલી નિવાસી બેનાબેન ભીખાલાલ પંડયા (ઉ.વ. ૭૪) તે કિરીટભાઈના માતૃશ્રી, ભાસ્કરભાઈ ભગવાનભાઈ પંડયા (દેવરાજીયા)નાં ભાભીનું તા. ૧૭ને બુધવારના રોજ અમરેલી મુકામે દુ:ખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તા. ૨૦ શનિવાર સાંજે ૪ થી ૭ ભારતીબાની વાડી, દાદા ભગવાન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી મુકામે રાખેલ છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મોટી | ૧૦૫૦ | ૧૩૬૦ |
| ૨ | શિંગદાણા | ૧૭૦૦ | ૨૧૧૫ |
| ૩ | શિંગદાણા ફાડા | ૧૩૬૦ | ૧૬૭૦ |
| ૪ | તલ સફેદ | ૧૪૨૦ | ૨૫૪૦ |
| ૫ | તલ કાળા | ૨૧૪૦ | ૩૭૭૫ |
| ૬ | તલ કાશ્મીરી | ૧૯૪૦ | ૨૩૩૦ |
| ૭ | બાજરો | ૩૦૦ | ૪૩૫ |
| ૮ | જુવાર | ૧૦૩૦ | ૧૦૪૫ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૫૫ |
| ૧૦ | ઘઉં લોકવન | ૪૧૦ | ૪૯૦ |
| ૧૧ | મકાઈ | ૪૭૦ | ૪૭૦ |
| ૧૨ | મગ | ૧૨૩૦ | ૧૭૩૦ |
| ૧૩ | અડદ | ૧૦૧૦ | ૧૬૧૫ |
| ૧૪ | ચણા | ૮૮૦ | ૧૧૪૫ |
| ૧૫ | ચણા દેશી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૧૬ | સફેદ ચણા | ૧૦૯૫ | ૧૧૭૫ |
| ૧૭ | છોલે ચણા | ૧૨૭૦ | ૧૨૭૦ |
| ૧૮ | તુવેર | ૮૬૦ | ૧૪૭૦ |
| ૧૯ | કપાસ | ૯૫૦ | ૧૯૦૦ |
| ૨૦ | એરંડા | ૧૧૬૫ | ૧૩૪૦ |
| ૨૧ | જીરૂ | ૨૦૦૦ | ૪૦૦૫ |
| ૨૨ | રાય | ૧૫૨૦ | ૧૫૫૦ |
| ૨૩ | ધાણી | ૧૧૫૦ | ૨૮૦૦ |
| ૨૪ | અજમા | ૧૦૫૦ | ૨૬૫૫ |
| ૨૫ | મેથી | ૭૨૫ | ૧૩૭૦ |
| ૨૬ | સોયાબીન | ૧૧૯૦ | ૧૩૪૫ |
| ૨૭ | રજકાનુ બી | ૩૮૩૦ | ૯૦૫૦ |
| ૨૮ | કાંગ | ૨૬૦ | ૪૬૫ |
| ૨૯ | કલોંજી | ૧૬૫૦ | ૩૧૦૦ |

## પાના ૧ ઉપરનું ચાલું સાવરકુંડલાની વૃધ્ધાને વિશ્વાસમાં લઈને

હતા. તે દરમ્યાન આરોપીએ આ વૃધ્ધાના કમરથી ઉપરના ભાગના કપડા ઉતરાવેલ હતા તેમજ બીજી વખતના વીડીયો કોલમાં આરોપીએ આ વૃધ્ધાના કમરથી નીચેના ભાગના કપડા ઉતારી અને વૃધ્ધા પાસે મોઢુ ખોલાવેલ હોય, જે બંને વીડીયો કોલમાં કપડા ઉતારાવેલ અને મોઢુ ખોલાવેલના સ્ક્રીન શોર્ટ આરોપીએ આ વૃધ્ધાની જાણ બહાર પાડી લઈ તે સ્કિન શોર્ટ ફોટા વૃધ્ધા તથા તેમના દિકરાના મોબાઈલ ફોનના વોટસએપમાં મોકલી અને ફોટા વાયરલ કરવાની અને આ વૃધ્ધા તથા તેમના દીકરાને જાનથી મારી નાખવાની ધમકી આપી ગત તા. ૨૩/૧૧/૨૫ થી તા. ૭/૫/૨૬ સુધીના અલગ અલગ તારીખ અને સમયગાળા દરમ્યાન વૃધ્ધા સાથે વિસઘાત કરી બળજબરીપુર્વક આરોપીએ તેના મોબાઈલ ઉપર ઓનલાઈન માધ્યમથી ગુગલ પે મારફતે કુલ રૂા. ૩,૬૦,૦૦૦ પડાવી લીધાની પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ હતી.

આ બનાવમાં સાવરકુંડલા ડીવીઝનના નાયબ પોલીસ અધિક્ષક વિરલ ચંદન દ્વારા આ ગુન્હાઓમાં આરોપીઓને પકડી પાડવા અને જરૂરી કાર્યવાહી કરવા સુચના તથા માર્ગદર્શન આપેલ હોય. જે અન્વયે સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર કે.બી. સોલંકીના માર્ગદર્શન હેઠળ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનની ટીમ ધ્વારા આરોપી મહમદ શબ્બીર નુરમામદ ઉર્ફે નુરમહમદ સમા નામના ઈસમને ટેકનીકલ સોર્સીસ તથા હ્યુમન સોર્સ આધારે પકડી પાડી આરોપી વિરૂધ્ધ ધોરણસરની કાર્યવાહી કરી રિમાન્ડની કાર્યવાહી હાથ ધરેલ છે.

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૩૦ | ૧૮૩૨ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૫૨૦ | ૧૬૦૦ |
| ૩ | મગફળી | ૧૨૨૫ | ૧૩૩૫ |
| ૪ | તલ સફેદ | ૧૫૧૦ | ૨૪૦૦ |
| ૫ | તલ કાળા | ૨૮૯૦ | ૩૫૧૦ |
| ૬ | જીરૂ | ૨૮૩૫ | ૩૯૯૫ |
| ૭ | ચણા | ૧૧૨૫ | ૧૧૬૫ |
| ૮ | ઘઉં | ૪૬૫ | ૫૧૫ |
| ૯ | મગ | ૧૩૮૫ | ૧૬૨૫ |
| ૧૦ | એરંડા | ૧૦૪૫ | ૧૩૦૫ |
| ૧૧ | તુવેર | ૧૦૭૦ | ૧૨૯૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૪૦૦ | ૧૫૪૫ |
| ૨ | શીંગ મોટી | ૧૩૫૦ | ૧૪૬૦ |
| ૩ | શીંગ દાણા | ૧૬૦૦ | ૧૯૦૦ |
| ૪ | તલ સફેદ | ૨૦૦૦ | ૨૪૦૦ |
| ૫ | તલ કાળા | ૨૯૦૦ | ૩૬૬૭ |
| ૬ | જીરૂ | – | ૩૬૫૧ |
| ૭ | કપાસ | ૧૫૫૦ | ૧૮૪૦ |
| ૮ | ઘઉં લોકવન | ૪૫૦ | ૪૮૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૦૦ |
| ૧૦ | બાજરો | ૪૦૦ | ૪૫૦ |
| ૧૧ | જુવાર | ૬૦૦ | ૧૦૮૦ |
| ૧૨ | મગ | ૧૫૫૦ | ૧૭૨૦ |
| ૧૩ | અડદ | ૧૫૦૦ | ૧૭૦૦ |
| ૧૪ | ચણા | ૧૧૦૦ | ૧૧૬૪ |
| ૧૫ | તુવેર | ૧૩૦૦ | ૧૪૦૦ |
| ૧૬ | એરંડી | ૧૨૫૦ | ૧૩૭૦ |
| ૧૭ | મેથી | ૧૨૫૦ | ૧૩૨૦ |
| ૧૮ | રાય/રાયડો | ૧૩૦૦ | ૧૪૩૦ |
| ૧૯ | ધાણા | ૨૨૦૦ | ૨૮૦૦ |

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં શિક્ષકો દ્વારા ધરણા

જિલ્લા પ્રાથમિક સંવર્ગ અધ્યક્ષ વિજયભાઈ મકવાણા, જિલ્લા આચાર્ય સંવર્ગ અધ્યક્ષ રામભાઈ કેશવાલા, જિલ્લા આચાર્ય સંવર્ગ મહામંત્રી મનીષભાઈ અગ્રાવત, માધ્યમિક ગ્રાન્ટેડ જિલ્લા ઉપાધ્યક્ષ કિશોરભાઈ વરૂ, મહામંત્રી શ્રીમતિ મનીષાબેન સુરાણી અને જિલ્લા ટોળી તથા દરેક તાલુકા અધ્યક્ષ/મહામંત્રી અને તાલુકા ટોળી દ્વારા કાર્યક્રમને સફળ બનાવવામાં આવ્યો.

## પાના ૮ ઉપરનું ચાલું અનાજનો જથ્થો ઝડપી લેવાયો

નિતીનભાઈ હકાભાઈ સોલંકી નામના બે ઈસમોને રીક્ષા નં. જી.જે.–૪ વાય– ૨૭૬૨ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦ તથા રિક્ષા નં. જી.જે.–૧૪ વાય–૩૩૨૨ કિંમત રૂપિયા ૧,૫૦,૦૦૦, ઘઉં ૩૫૦ કિ.ગ્રા. કિંમત રૂપિયા ૫૨૫૦, ચોખા ૧૩૫૦ કિ.ગ્રા. કિંમત રૂપિયા ૨૭,૦૦૦ મળી કુલ રૂપિયા ૩,૩૨,૨૫૦ સાથે પકડી પાડી બીએનએસએસ કલમ–૩૫ (૧)(ઈ) તથા ૧૦૬ મુજબ ધોરણસર કાર્યવાહી અમરેલી સીટી સર્વેલન્સ ટીમ દ્વારા કરવામાં આવેલ હતી.

## પાના ૮ ઉપરનું ચાલું અનેક ગામોમાં વરસાદનાં ઝાંપટા

આજે વરસાદના શ્રીગણેશ થયા હતા. ખડસલી, છાપરી અને લીખાળા ગામ સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં ધીમીધારે વરસાદી ઝાંપટા વરસ્યા હતા. લીખાળા ગામમાં આશરે દસ મિનિટ સુધી સારો વરસાદ વરસ્યો હતો. નાની વડાળ અને વીજપડી ગામોમાં પણ ઝરમર વરસાદ નોંધાયો હતો. વરસાદી માહોલથી ખેડૂતોમાં નવી આશા જાગી છે.

અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના દામનગર નજીક આવેલા ભટવદર ગામમાં પણ હળવું વરસાદી ઝાંપટુ પડયું હતું. જયારે અમરેલી બાયપાસ રોડ વિસ્તારમાં પણ વરસાદી ઝાપટાં પડતાં માર્ગો ભીના બન્યા હતા.

આજે જિલ્લાના અનેક વિસ્તારોમાં પડેલા આ પ્રારંભિક વરસાદી ઝાપટાંએ ચોમાસાની આગાહી વચ્ચે ખેડૂતો અને ગ્રામજનોમાં ખુશીની લાગણી ફેલાવી છે. આગામી દિવસોમાં સારો વરસાદ થાય તેવી આશા સાથે ખેડૂતો ખેતીની તૈયારીઓમાં વ્યસ્ત બન્યા છે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | મગફળી | ૧૦૩૦ | ૧૩૩૦ |
| ૨ | ઘઉં લોકવન | ૪૨૬ | ૪૫૫ |
| ૩ | ચણા | ૧૦૫૫ | ૧૧૫૦ |
| ૪ | તુવેર | ૧૧૭૫ | ૧૩૨૦ |
| ૫ | ધાણા | ૨૪૭૦ | ૨૫૨૫ |
| ૬ | મગ | ૧૦૦૧ | ૧૫૫૧ |
| ૭ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૪૦૧ |
| ૮ | તલ કાળા | ૨૫૪૦ | ૨૫૪૦ |
| ૯ | એરંડા | ૧૦૦૦ | ૧૦૫૦ |
| ૧૦ | મેથી | ૧૦૨૫ | ૧૧૬૦ |
| ૧૧ | શીંગ દાણા | ૧૩૯૦ | ૧૮૧૦ |
| ૧૨ | શીંગ ફાડા | ૧૪૮૦ | ૧૪૮૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૦૦ | ૧૬૫૦ |
| ૨ | મગફળી | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૩ | ઘઉં લોકવન | ૩૦૦ | ૪૬૧ |
| ૪ | મેથી | ૯૦૦ | ૯૦૦ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૪૭ | ૫૦૧ |
| ૬ | તુવેર | ૧૧૯૦ | ૧૩૨૨ |
| ૭ | ચણા | ૧૦૦૦ | ૧૦૮૦ |
| ૮ | એરંડી | ૧૧૫૫ | ૧૧૫૫ |
| ૯ | ધાણા | ૨૧૫૦ | ૨૫૩૦ |
| ૧૦ | તલકાળા | ૧૦૦૦ | ૧૬૨૦ |
| ૧૧ | મગ | ૧૨૯૦ | ૧૫૭૧ |
| ૧૨ | સોયાબીન | ૧૨૬૦ | ૧૩૫૧ |

## પાના ૮ ઉપરનું ચાલું સાવરકુંડલામાં ભુવા માર્ગ ઉપર

આ મામલાની કાયદાકીય ગંભીરતાને ધ્યાને લઈ સાવરકુંડલા નગરપાલિકાના ચીફ ઓફિસર સહિતના જવાબદારો સામે સત્તાવાર રીતે અરજદારે ફોજદારી ઈન્કવાયરી કેસ દાખલ કર્યો છે.

આ સમગ્ર વિવાદની વિગત એવી છે કે, ભુવા રોડ પર સહજ–૨ સોસાયટીથી લઈ ગૌશાળાના ખૂણા સુધી જનતાના ટેકસ અને લોકભંડોળ માંથી અને સદભાવના વૃદ્ધાશ્રમના સહયોગથી વૃક્ષો ટ્રી–ગાર્ડ સાથે ઉછેરવામાં આવ્યા હતા. તારીખ ૧૧/૨/૨૦૨૬થી ૧૪/૨/૨૦૨૬ દરમિયાન રોડ પહોળો કરવાના બહાને આ કિંમતી વૃક્ષો તેમજ ત્યાં ઉભેલા ૩૦ વર્ષ કરતાં પણ વધુ જૂના હેરિટેજ વૃક્ષોને કોઈપણ કાયદેસરના પંચનામા કે મેચ્યોર ટ્રીને કાપવા માટેની સુપિરિયર ઓથોરીટીની મંજૂરી વિના આડેધડ કાપી નાખવામાં આવ્યા હતા અને સરકારી મિલકત લોખંડના ટ્રી–ગાર્ડ તોડી નાખી સરકારી જાહેર મિલકતને મોટું નુકસાન કરાયું હતું.

સામે આવેલા સત્તાવાર દસ્તાવેજો મુજબ સાવરકુંડલા નગરપાલિકાના ચીફ ઓફિસરે તારીખ ૧૦/૨/૨૦૨૬ના રોજ શરતોને આધીન વૃક્ષો કાપવાનો હુકમ કર્યો હતો, જેમાં સ્પષ્ટ શરત હતી કે કપાયેલા તમામ વૃક્ષોનું કિંમતી લાકડું સાવરકુંડલા સ્મશાન ગૃહ ખાતે જમા કરાવવાનું રહેશે. પરંતુ જવાબદાર અધિકારીઓ અને કોન્ટ્રાકટરે આ શરતનો સરેઆમ ભંગ કરીને આખે આખું કિંમતી લાકડાનો અને લોખંડનાં ટ્રી ગાર્ડનો બારોબાર નાશ કરી દેવામાં આવ્યો હતો. આ મામલે સ્થાનિક તંત્ર કે પોલીસે રાજકીય કે વહીવટી દબાણ હેઠળ કોઈ જ ન્યાયિક પગલાં ન લેતા, અરજદારે અદાલતમાં કોર્ટમાં ફોજદારી ઈન્કવાયરી કેસ દાખલ કરવાની ફરજ પડેલ હોવાની માહિતી પ્રાપ્ત થયેલ છે.

## :: જાહેર નોટિસ ::

આથી હું નીચે સહી કરનાર **શ્રી વિમલ પી. પોપટ (એડવોકેટ) અમરેલી**ના તે અમારા અસીલ મળેલ સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપી જણાવવાનું થાય છે કે,

અમારા અસીલ કે જેઓ અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ગામ **રામગઢ** ગામે આવેલ ખેતીની જમીન જેના **ખાતા નં.૩૭૫** જેના **રેવન્યુ સર્વે નં.૨૬૭, ક્ષેત્રફળ ૪–૩૭–૭૨ હે.આ.ચો.મી.વાળી જમીન** જે **વાળા દેવેન્દ્રભાઈ કનુભાઈ** ના માલિકી હક્કે કબ્જા ભોગવટાવાળું હોવાનું જણાવે છે તેમજ રેવન્યું રેકર્ડમાં બેંક ઓફ બરોડા બાઢડા શાખાનો બોજો જણાય છે તે જમીન અમારા અસીલ ખરીદ કરવા માંગે છે.

તે ઉપરોકત વિગતવાળી મીલકત પરત્વે કોઈપણ ઈસમને કંઈપણ પ્રકારનો લાગભાગ–હક્ક – હિત કે હિસ્સો ધરાવતા હોય અગર તો આ મીલકત ઉપર તારણ ઉપસ્થિત કરવા સંબંધે કોઈપણ ઈસમને વાંધો તકરાર કે વચકો રહેલો હોય તો તેઓએ દિન–૮ માં નીચેના સરનામે લેખિતમાં જણાવશો. અન્યથા આ મીલકત સંપૂર્ણ ટાઈટલ કલીયર કબ્જા ભોગવટા સાથેની, ઉપરોકત બોજા સાથેની હોવાનું માનીને અમારા અસીલ આ મીલકત સંબંધેનો આગળનો વ્યવહાર કરશે અને કોઈનો વાંધો તકરાર કે હરકત રહેલ નથી તેમ માની અગર તો તેઓએ વેવ કરેલ છે તેમ માની આગળની કાર્યવાહી કરશે જેથી આ નોટીસ પ્રસિદ્ધ થયાના મુદ્દત સમય બાદ કોઈપણ ઈસમનો વાંધો, તકરાર કે હરકત ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. તેની જાહેર જનતાએ નોંધ લેવી.

**વિમલ પી. પોપટ, એડવોકેટ**
સેવાસદન થી સીવીલ હોસ્પિટલ રોડ, જીલ્લા પંચાયત ઓફીસ પાછળ,
અમરેલી – ૩૬૫૬૦૧ મો.નં.: ૯૪૨૮૭ ૯૩૪૨૦

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૧૦૧૦ | ૧૩૨૫ |
| ૨ | તલ સફેદ | ૨૧૫૧ | ૨૩૧૭ |
| ૩ | તલ કાળા | ૨૦૦૦ | ૩૦૭૧ |
| ૪ | કપાસ | ૧૧૦૧ | ૧૭૭૦ |
| ૫ | બાજરો | ૩૬૦ | ૫૧૨ |
| ૬ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૭૦ |
| ૭ | જુવાર | ૩૦૦ | ૧૧૬૦ |
| ૮ | મગ | ૯૦૦ | ૧૬૫૯ |
| ૯ | અડદ | ૧૨૫૧ | ૧૨૫૧ |
| ૧૦ | તુવેર | ૮૫૦ | ૧૨૬૦ |
| ૧૧ | ચણા | ૯૦૦ | ૧૬૫૦ |
| ૧૨ | મેથી | ૬૦૧ | ૧૨૦૨ |
| ૧૩ | રાય | ૧૪૫૦ | ૧૫૦૧ |

# ચલાલા : રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ ખાતે કિશોરી દિવસની ઉજવણી










ચલાલા પ.પુ. સંત ડો. રતિદાદા આશીર્વાદ અને ભારત ભૂષણ મહેશભાઈ મહેતાના માર્ગદર્શન હેઠળ સંચાલિત રક્ષા શકિત ગર્લ્સ સ્કુલ, ચલાલા ખાતે અમરેલી જિલ્લા પોલીસ દ્વારા ''કિશોરી દિવસ''ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમનો મુખ્ય હેતુ કિશોરીઓમાં સુરક્ષા જાગૃત્તિ, આત્મવિશ્વાસ, સ્વાસ્થ્ય અને નૈતિક મૂલ્યોનું ઉજાગર કરવાનો હતો. કાર્યક્રમની શરૂઆત ચલાલા પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ. રતન ગઢવી તથા મહિલા પોલીસ અધિકારી નૂતનબેન વાઘેલા, નયનાબેન વાળા દ્વારા દીપ પ્રાગટયથી થઈ હતી. પી.એસ.આઈ. રતન ગઢવીએ કિશોરીઓને સંબોધતા જણાવ્યું હતું કે આજના યુગમાં દીકરીઓએ શિક્ષણની સાથે પોતાની સુરક્ષા, આત્મરક્ષા અને કાનૂની અધિકારો અંગે પણ સંપૂર્ણ જાણકારી રાખવી જરૂરી છે. નૂતનબેન વાઘેલાએ વિદ્યાર્થીનીઓને ''ગુડ ટચ અને બેડ ટચ'' અંગે સરળ અને સમજાય તેવી ભાષામાં વિસ્તૃત માહિતી આપી હતી. તેમણે જણાવ્યું હતું કે કોઈપણ અયોગ્ય સ્પર્શ કે વર્તન સામે ડર્યા વગર માતા-પિતા, શિક્ષક અથવા વિશ્વાસપાત્ર વ્યકિતને તાત્કાલીક જાણ કરવી જોઈએ. આ પ્રસંગે ડાયરેકટર શીતલબેન મહેતા દ્વારા પોલીસ વિભાગનો આભાર વ્યકત કરતાં જણાવ્યું હતું કે આવા જાગૃતિ કાર્યક્રમો દિકરીઓના સર્વાંગી વિકાસ માટે ખુબ જ ઉપયોગી સાબિત થાય છે. કાર્યક્રમ સફળ બનાવવા રક્ષા શકિત ગર્લ્સ સ્કુલના સ્ટાફ ગણે જહેમત ઉઠાવી હતી.

### શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ સ્થિત

## અમરેલીની શ્રીમતી ડી.એચ. કાબરીયા આર્ટ્સ મહિલા કોલેજનું સર્વશ્રેષ્ઠ ૯૫ ટકા પરિણામ

### ખુશી ગામી, નિધિ કાનાણી અને મૈત્રી મેર અગ્રેસર





અમરેલી, તા. ૧૮

અમરેલીનાં શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ સ્થિત શ્રીમતી ડી.એચ. કાબરીયા આર્ટ્સ મહિલા કોલેજનું ૯૫ ટકા પરિણામ સાથે ૧૦૦ ટકા ફર્સ્ટ કલાસ પરિણામ આવેલ છે.

તાજેતરમાં લેવાયેલ શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ B.A. (Eng) સેમ ૪ની યૂનિવર્સિટી પરીક્ષામાં કોલેજની વિદ્યાર્થીની ખુશી ગામી, નિધી કાનાણી અને મૈત્રી મેર અગ્રેસર રહી છે.

કોલેજની વિદ્યાર્થીનીઓને ટ્રસ્ટીગણ અને સ્ટાફ પરિવારે શુભેચ્છા પાઠવેલ છે.

## સાવરવકુંડલા : સામાજિક અગ્રણી રામદેવસિંહ ગોહિલનો આજે જન્મદિવસ

સાવરકુંડલા, તા.૧૮

સાવરકુંડલા શહેર અને સમગ્ર અમરેલીના રાજકીય અને સામાજિક અગ્રણી રામદેવસિંહ ગોહિલનો આજે જન્મદિવસ છે.સાવરકુંડલા શહેર યુવા ભાજપ પ્રમુખ તરીકે સતત ૩ ટર્મ, અમરેલી જિલ્લા યુવા ભાજપ ઉપપ્રમુખ તરીકે ૨ ટર્મ, સાવરકુંડલા શહેર ભાજપ ઉપપ્રમુખ, સાવરકુંડલા શહેર ભાજપ મહામંત્રી તરીકે સરાહનીય કામગીરી કરનાર રામદેવસિંહ ગોહિલ હાલમાં તેઓ ગુજરાત રાજપૂત યુવા સંઘ સાવરકુંડલાના પ્રમુખ, અખિલ ભારતીય ક્ષત્રિય મહાસભા સાવરકુંડલાના પ્રમુખ, ભારતીય માનવ અધિકાર એસોસિએશન અમરેલી જિલ્લાના પ્રમુખ તરીકે જવાબદારીમાં કાર્યરત છે. સામાજિક અગ્રણી તરીકે લોકસેવા અને સમાજસેવા કર્તા,



બહોળુ મિત્ર વર્તુળ ધરાવતા રામદેવસિંહ ગોહિલનો આજે જન્મદિવસ હોય તેમના શુભેચ્છકો, મિત્રો અને સામાજિક - રાજકીય અગ્રણીઓ તરફથી મો.નંબર (૯૪૨૬૨૭૬૫૪૨, - ૯૬૬૨૫૨૨૫૪૨ ) શુભકામનાઓ આપવામાં આવી રહી છે.

### વન્યજીવોની સુરક્ષા માટે રેલ્વેની મહત્વપૂર્ણ પહેલ

## ઢસા-રાજુલા રેલ્વે અંડરપાસ બોકસનું નિર્માણ સફળતાપૂર્વક પૂર્ણ

### એશિયાટિક સિંહોની સુરક્ષિત અવર-જવર માટે દેશનાં પ્રથમ અંડરપાસનું નિર્માણ

અમરેલી, તા.૧૮

પશ્ચિમ રેલવેનું વન્યજીવ સંરક્ષણ અને પર્યાવરણ સુરક્ષાના ક્ષેત્રમાં એક મહત્વપૂર્ણ અને પ્રશંસનીય પહેલને સાકાર કરી રહ્યું છે. ભાવનગરના મંડળ રેલ પ્રબંધક દિનેશ વર્માના માર્ગદર્શન હેઠળ ગીર અને આસપાસના સંવેદનશીલ વિસ્તારોમાં એશિયાટિક સિંહો તથા અન્ય વન્યજીવોની સુરક્ષિત અવર જવર સુનિશ્વિત કરવા માટે દેશના પ્રથમ અંડરપાસનું નિર્માણ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે.વિશ્વમાં એશિયાટિક સિંહોનું એકમાત્ર કુદરતી નિવાસ સ્થાન ગીર અને તેની આસપાસનો વિસ્તાર છે. આ અમૂલ્ય વન્ય ધરોહરના સંરક્ષણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપતા રાજય સરકાર, વન વિભાગ અને રેલવે પ્રશાસનના સંયુક્ત પ્રયાસોથી ઢસા - રાજુલા તથા રાજુલા - પીપાવાવ રેલખંડ પર પાંચ સંવેદનશીલ સ્થળોની ઓળખ કરવામાં આવી છે. જયાં વન્યજીવોની સુરક્ષિત અવર જવર માટે વિશેષ અંડરપાસોનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે.આ મહવાકાંક્ષી યોજનાનો મુખ્ય હેતુ સિંહો તથા અન્ય વન્યજીવોને રેલ્વે ટ્રેક પાર કરવા માટે સુરક્ષિત માર્ગ ઉપલબ્ધ



કરાવવાનો તેમજ વન્યજીવો અને રેલવે સંચાલન બંનેની સલામતી સુનિશ્વિત કરીને શૂન્ય અકસ્માત (Zero Accident) ના લક્ષ્યને હાંસલ કરવાનો છે.લગભગ રૂા.૯.૪૨ કરોડના ખર્ચે અમલમાં મૂકવામાં આવી રહેલી આ યોજનામાં અત્યાર સુધી નોંધપાત્ર પ્રગતિ નોંધાઈ છે. ઢસા - રાજુલા રેલખંડના કિમી ૫૩/૧૪ - ૧૫ અને કિમી ૧૬ / ૯ - ૧૦ ખાતે અંડરપાસ બોકસનું નિર્માણ સફળતાપૂર્વક પૂર્ણ થઈ ચૂકયું છે. બાકીના ત્રણ સ્થળોએ નિર્માણ કાર્ય ઝડપથી પ્રગતિ પર છે અને તેને નિર્ધારિત સમય મર્યાદામાં પૂર્ણ કરવા માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે.મંડળ રેલ પ્રબંધકે જણાવ્યું હતું કે, ભાવનગર મંડળ રેલવે સંચાલનની સુરક્ષા સાથે પર્યાવરણ સંરક્ષણ અને વન્યજીવ સુરક્ષાને પણ સમાન પ્રાથમિકતા આપી રહ્યાં છે. વન્યજીવોની સુરક્ષા માટે વિકસાવવામાં આવી રહેલી આ નવીન પહેલ ભારતીય રેલ્વે માટે પ્રેરણાદાયક ઉદાહરણ છે. રેલ્વે, વન વિભાગ અને સ્થાનિક પ્રશાસનના સંકલિત પ્રયાસોથી આ યોજના વિસ્તારમાં વન્યજીવ સંરક્ષણની દિશામાં એક મહત્વપૂર્ણ સીમાંચિહ્ન સાબિત થશે.પશ્ચિમ રેલવેનું ભાવનગર મંડળ ભવિષ્યમાં પણ સુરક્ષિત, પર્યાવરણ - અનુકૂલ અને સતત વિકાસને પ્રોત્સાહન આપતી જનહિતકારી તથા સંરક્ષણાત્મક પહેલોને સતત આગળ વધારતું રહેશે. તેમ વરિષ્ઠ મંડલ વાણિજય પ્રબંધક પશ્ચિમ રેલવે ભાવનગર મંડલ દ્વારા જણાવાયું છે.

### સગર્ભા માતા અને નવજાત શિશુ માટે ૧૦૮ બની આશીર્વાદ સમાન

## નાગેશ્રી ૧૦૮ ની ટીમ દ્વારા તાજા જન્મેલ બાળકને છાતી પર દબાણ અને કૃત્રિમ શ્વાસ આપીને જીવ બચાવ્યો

### રાજુલાનાં સરકારી દવાખાનાનાં તબીબોએ પણ ૧૦૮ ટીમને શુભેચ્છા પાઠવી

અમરેલી, તા.૧૮

જાફરાબાદ તાલુકાની નાગેશ્રી ૧૦૮ એમ્બ્યુલન્સને આજે બપોરે ૪ કલાકે એક જાફરાબાદના મીઠાપુર ગામનો કેસ મળ્યો હતો. આ કેસ મળતાની સાથે જ નાગેશ્રી ગામની ૧૦૮ ની ટીમ તુરંત સ્થળ પર પહોંચી હતી. અને દર્દીની તપાસ કરતા જાણવા મળ્યું કે, એકસગર્ભા માતાને પ્રસુતિની અસહ્ય પીડા હતી. અને સગર્ભા માતાએ પોતાના જ ઘરે એક નવજાત શિશુને તાજેતરમાં જ જન્મ આપ્યો હતો.

પરંતુ જયારે બાળક જન્મે ત્યારે બાળક સામાન્ય રીતે રડતું હોય છે. પરંતુ આ બાળક રડતું ન હતું. તેમજ તેના જે હૃદયના ધબકારા પણ ખૂબ જ ઓછા હતા. જેથી ઈએમટી ભરત બાંભણીયા દ્વારા બાળકને તુરંત હાથ ઉપર લઈ અને તેની સારવાર આપવાની ચાલુ કરી હતી. જે અંતર્ગત નવજાત શિશુને હૃદયના ધબકારા ઓછા હતા. એટલે તે બાળકને સીપીઆર ની સારવાર એટલે કે છાતી પર દબાણ કરી



અને કુત્રિમ શ્વાસ આપીને બાળકનો જીવ બચાવ્યો હતો.

તેમજ પ્રસુતી બાદ માતાની હાલત પણ નબળી હોય જેથી ૧૦૮ કોલ સેન્ટર પર ઊપસ્થિત ઉપરી ડોકટર સાથે વાતચીત કરી અને એમની સૂચના મુજબ માતાનેપ પણ જરૂરી સારવાર આપવામાં આવી હતી.આમ ઈ.એમ.ટી. ભરત બાંભણિયા અને પાઈલોટ કાનજીભાઈ બારૈયા દ્વારા યોગ્ય સમય સૂચકતા વાપરી અને પોતાની સૂજબુજથી નવજાત બાળક અને માતાને યોગ્ય સારવાર આપી જીવ બચાવવામાં આવ્યો હતો. તેમજ પાયલોટ કાનજી બારૈયા દ્વારા સમયસૂચતા વાપરી સલામતી પૂર્વક સ્થળ પરથી એટલે કે મીઠાપુર ગામથી રાજુલા સરકારી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા, તેમજ રાજુલા સરકારી હોસ્પિટલના ડોકટર દ્વારા માતા અને નવજાત શિશુને ત્યાં લઈ ગયા ત્યારે રાજુલા સરકારી હોસ્પિટલના ડાકટર દ્વારા પણ ૧૦૮ની ટીમની આવી સરાહનીય કામગીરી બદલ બિરદાવવામાં આવ્યા હતા.અને દર્દીના સગા દ્વારા પણ ૧૦૮ ટીમ અને એમની સેવાનો આભાર માન્યો હતો.


**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-સાવરકુંડલા**
**મહુવા રોડ, રેલ્વે ફાટક પાસે, સાવરકુંડલા**
**ત્રીજો પ્રયત્ન**

**:: જાહેરાત ::**

શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-સાવરકુંડલામાં પ્લેટફોર્મ, ચોગાન, પી.સી.સી. અને સી.સી., ખેડૂત ભોજનાલય, અંડરગ્રાઉન્ડ ડ્રેઈનેજ (ગટર), સેનેટરી બ્લોક, વિ. કામો માટે

(૧) આર.સી.સી. ના ફુટીંગ, કોલમ, બીમનું ફકત મજુરીકામ ના ફુટના ભાવ બંધ કવરમાં જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિવસ-૦૮(આઠ)માં બજાર સમિતિ સાવરકુંડલાની ઓફીસે ઓફીસ સમય દરમ્યાન પહોંચતા કરવા.

(૨) ચણતર (ઈંટો/બેલા) તથા પ્લાસ્ટર ફકત મજુરીકામના ચો.ફુટના ભાવો બંધ કવરમાં જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિવસ-૦૮(આઠ)માં બજાર સમિતિ સાવરકુંડલાની ઓફીસે ઓફીસ સમય દરમ્યાન પહોંચતા કરવા.

(૩) લાદી, ટાઈલ્સ ફલોરીંગ કામના ફકત મજુરીકામના ચો.ફુટના ભાવો બંધ કવરમાં જાહેરાત પ્રસિધ્ધ થયેથી દિવસ-૦૮(આઠ)માં બજાર સમિતિ સાવરકુંડલાની ઓફીસે ઓફીસ સમય દરમ્યાન પહોંચતા કરવા.

(૪) કામે નીચે જણાવેલ સ્ટીલ, સિમેન્ટ, મેટલ, કપચી, ગ્રીટ, રેતી વિ. મટીરીયલ ના ભાવો મંગાવવામાં આવે છે. તો રસ ધરાવતા સપ્લાયરો / વેપારીઓ એ પોતાના ભાવો બંધ કવરમાં દિવસ-૮ (આઠ) માં ઉપરોકત સરનામે પહોંચતા કરવા.

| ક્રમ | વિગત | ક્રમ | વિગત |
|---|---|---|---|
| ૧ | મેટલ 45 TO 63 mm | ૭ | લોખંડ |
| ૨ | કપચી (૦ાા × ૦ાાા) | ૮ | ઈંટ |
| ૩ | મેટલ ડસ્ટ | ૯ | ટાઈલ્સ, માર્બલ, |
| ૪ | રેતી | ૧૦ | હાડમોરમ |
| ૫ | ગ્રીટ 8 TO 10 mm | ૧૧ | ડ્રેઈનેજ (ગટર) પાઈપ |
| ૬ | સિમેન્ટ | | |

**આવેલ ભાવો બાબતે નિર્ણય કરવાની તમામ સત્તા બજાર સમિતિને અબાધિત રહેશે.**

**શ્રી દિપકભાઈ કે. માલાણી** ચેરમેનશ્રી
**શ્રી મહેશભાઈ એમ. લખાણી** વાઈસ ચેરમેનશ્રી
**શ્રી જે.વી. માલાણી** સેક્રેટરીશ્રી

**શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-સાવરકુંડલા**



ભાવભરી શ્રદ્ધાંજલિ

ઈશ્વર આપના આત્માને શાંતિ અર્પે તેમજ સ્વજનો, મિત્રોને આઘાત સહન કરવાની શક્તિ અર્પે એજ પ્રાર્થના.....

લી.
યાકુબ રસભર્યા
(પૂર્વ સરપંચ, વિજપડી)
રાજુભાઈ ઘકાણ
(પ્રમુખ, વેપારી મહામંડળ)
મુ. વિજપડી, તા. સાવરકુંડલા, જી. અમરેલી



સ્વ. વી.વી. વઘાસીયા
પૂર્વ કૃષિ મંત્રીશ્રી (ઉ.વ.૬૮)
સ્વ. તા. ૧૯/૦૫/૨૦૨૩, શુક્રવાર




## સમગ્ર પંથકનાં વાતાવરણમાં ઠંડક પ્રસરી અને ખુશનુમાં માહોલ ઉભો થયો

# સાવરકુંડલાનાં ગ્રામ્ય વિસ્તારનાં અનેક ગામોમાં વરસાદનાં ઝાંપટા

**ઘણા દિવસોથી વાતાવરણમાં અસહ્ય બફારો હોય અંતે મેઘરાજાની ધીમા પગલે એન્ટ્રી**

**ખડસલી, છાપરી, નાની વડાળ, વીજપડીમાં ઝરમર વરસાદ પડયો**

**લીખાળા ગામે સતત ૧૦ મિનિટ સુધી સારો એવો વરસાદ પડયો**

**વરસાદની કાગડોળે રાહ જોતા ખેડૂતોમાં આશાનું કિરણ ઉભું થયું**



અમરેલી, તા. ૧૮

અમરેલી જિલ્લાના વિવિધ તાલુકાઓમાં વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. બગસરા, સાવરકુંડલા, લાઠી તથા અમરેલી આસપાસના વિસ્તારોમાં હળવા વરસાદી ઝાપટાં વરસતાં રોડ–રસ્તાઓ ભીના બન્યા હતા અને વરસાદની રાહ જોઈ રહેલા ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો હતો.

અમરેલી જિલ્લામાં લાંબી રાહ બાદ વાતાવરણમાં અચાનક પલટો જોવા મળ્યો છે. અમરેલી જિલ્લાના વિવિધ તાલુકામાં હળવા વરસાદી ઝાપટાં વરસતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ છવાયો છે. કાગડોળે વરસાદની રાહ જોતા શહેરીજનો અને ખેડૂતો માટે આ વરસાદી ઝાંપટા આશાનું કિરણ બની આવ્યા છે.

બગસરા પંથકમાં વહેલી સવારથી જ વરસાદી માહોલ જામ્યો હતો. પીઠડીયા ગામે હળવા વરસાદી ઝાંપટા વરસ્યા હતા. આ ઉપરાંત બાલાપુર, હડાળા, વાઘણીયા સહિતના વિસ્તારોમાં ઝરમર વરસાદ નોંધાતા રોડ–રસ્તાઓ ભીંજાયા હતા. બગસરા તાલુકાના ત્રણથી ચાર ગામોમાં વરસાદી ઝાંપટા પડતાં ગરમી અને ઉકળાટમાંથી લોકોને આંશિક રાહત મળી હતી.

સાવરકુંડલા પંથકમાં પણ

અનુસંધાન પાના ૬ ઉપર

### એસપીની સુચનાથી સિટી પોલીસની કામગીરી

## અમરેલીમાંથી આધાર–પુરાવા વગરનો અનાજનો જથ્થો ઝડપી લેવાયો

**રૂપિયા ૩.૩૨ લાખનાં મુદ્દામાલ સાથે આરોપીની અટકાયત**



અમરેલી, તા. ૧૮

અમરેલી સીટી પોલીસ સ્ટેશન સ્ટાફ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન અમરેલી શહેરના લીલાનગર વિસ્તારમાંથી બે રીક્ષામાં રાખેલ ઘઉં, ચોખા, અનાજ વિગેરે બીલ કે અન્ય આધાર પુરાવા વગરના લઈને નિકળેલ અમરેલી લીલાનગરમાં રહેતા મનોજભાઈ ધીરૂભાઈ સોલંકી તથા

અનુસંધાન પાના ૬ ઉપર

### ખાંભા–તુલસીશ્યામ રેન્જમાં આવેલ

## ભાણીયા ગામે કુવામાં પડેલા રાષ્ટ્રીય પક્ષી મોરનું સફળ રેસ્કયુ

**વન વિભાગે ચારપાઈ ઉતારી મોરને બચાવી લીધો**



અમરેલી, તા. ૧૮

ખાંભા તાલુકાના તુલસીશ્યામ રેન્જ અંતર્ગત ભાણીયા ગામે એક રાષ્ટ્રીય પક્ષી મોર ૮૫ ફૂટ ઊંડા કૂવામાં પડી જતાં ચકચાર મચી હતી. ભાણીયા ગામના ખેડૂત કરણભાઈ મોરીના કૂવામાં મોર પડી ગયો હોવાની જાણ થતાં સ્થાનિક લોકો દ્વારા વન વિભાગને જાણ કરવામાં આવી હતી.

મળતી માહિતી વન વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને મોરને સુરક્ષિત બહાર કાઢવા માટે બચાવ કામગીરી હાથ ધરી હતી. શરૂઆતમાં વન વિભાગ દ્વારા કૂવામાં ચારપાઈ (ખાટલો) ઉતારી મોરને બચાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ મોર ખાટલા પર ન આવતા બચાવ કામગીરીમાં મુશ્કેલી સર્જાઈ હતી. ત્યારબાદ વન વિભાગના બહાદુર સ્ટાફે જોખમ ઉઠાવી કૂવામાં ઉતરી રાષ્ટ્રીય પક્ષી મોરને સુરક્ષિત રીતે બહાર કાઢયો હતો. સફળ રેસ્કયુ બાદ મોરને કોઈ ઈજા ન હોવાનું જણાતા તેને સુરક્ષિત સ્થળે મુક્ત કરવામાં આવ્યો હતો.

વન વિભાગની સમયસર કામગીરી અને સ્થાનિક ખેડૂતની સતર્કતાના કારણે રાષ્ટ્રીય પક્ષીનો જીવ બચી ગયો હતો. સ્થાનિક લોકોએ વન વિભાગની કામગીરીને બિરદાવી હતી.

### વિકાસની લ્હાયમાં ઘણી વખત વિનાશક કામ પણ થતું હોય છે

## સાવરકુંડલામાં ભુવા માર્ગ ઉપર નિયમોનો ઉલાળીયો કરવામાં આવતાં જાગૃત નાગરિકે કોર્ટનાં દ્વાર ખખડાવ્યા

**હેરિટેજ વૃક્ષોને પંચનામા વગર જ ઉખેડીને ફેંકી દેવાનો આક્ષેપ**



સાવરકુંડલા, તા. ૧૮

સાવરકુંડલા શહેરના ભુવા રોડ વિસ્તારમાં રોડ ઉપર વિકાસની આડમાં આચરવામાં આવેલા મોટાપાયે ગેરકાયદેસર વૃક્ષ છેદન અને જાહેર મિલકતના બગાડના પ્રકરણમાં સ્થાનિક વહીવટી તંત્રમાં મોટો ભૂકંપ આવ્યો છે. સાવરકુંડલાના જાગૃત નાગરિક અને સોશ્યલ મીડિયા ઈન્ફલુએન્સર પ્રિયંક બી. પાંધી દ્વારા આ મામલે સ્થાનિક પોલીસ સ્ટેશન, વન વિભાગ અને ઉચ્ચ વહીવટી કચેરીઓમાં તમામ સજ્જડ પુરાવાઓ સાથે લેખિત રજૂઆતો કરવા છતાં કોઈ જ સંતોષકારક કાર્યવાહી કે ન્યાયી તપાસ કરવામાં આવી નહોતી. તંત્ર દ્વારા ભીનું સંકેલવાના પ્રયાસો થતા આખરે અરજદારે ન્યાયના મંદિર સમાન કોર્ટના દ્વાર ખખડાવ્યા છે.

અનુસંધાન પાના ૬ ઉપર







*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)